શૈશવ




# શૈશવ વાર્ષિક અહેવાલ વર્ષ ૨૦૨૨ - ૨૦૨૩

શૈશવ



# સ્વસ્થ બાળક...
# સ્વસ્થ માનવ...
# સ્વસ્થ સમાજ...

## અમારું ધ્યેય

દરેક બાળકને તમામ અધિકાર સમાન રીતે મળે.

## અમારી દ્રષ્ટિ

શાંત, સમૃધ્ધ, ન્યાયપૂર્ણ અને માનવીય સમાજની પાયાની સંકલ્પના સાથે દરેક પોતાની વ્યક્તિગત ક્ષમતાઓના ઉચ્ચતર વિકાસ દ્વારા સ્વાવલંબી બને, સમાજના સાતત્યપૂર્ણ વિકાસમાં યોગદાન આપે તેવા જવાબદાર નાગરિક બને.





## ટ્રસ્ટી મંડળ

શ્રી ફાલ્ગુન શેઠ

શ્રી પારૂલ શેઠ

શ્રી નિમિષા દેસાઇ

ડો. પંકજ શાહ

ડો. એસ. શ્રીધર

શ્રી અનિતા શાહ

શ્રી સંજય દેસાઇ

શ્રી સંગીતા ગરત

ડો. પારસ મહેતા



## સંસ્થા મુખ્ય કાર્યાલય :

**શૈશવ**

બ્લોક નં. 3, બીજે માળે, બી-વિંગ,
સરદાર પટેલ મ્યુનિ. શોપીંગ સેન્ટર,
સરદારનગર સર્કલ, ભાવનગર - ૩૬૪ ૦૦૧.
ફોન : ૦૨૭૮ ૨૫૬૮૫૬૧, ૯૩૭૬૪૨૮૫૬૭
E-mail : info@shaishavchildrights.org
Web.: shaishavchildrights.org

## નર્મદા જિલ્લા કાર્યાલય :

**આરણ્યક કાર્યક્રમ**

C/o શ્રી સુરેન્દ્રભાઈ માસ્તરનું મકાન, બેડા કંપની બજારમાં,
મુ. પો. થવા (નેત્રંગ-ડેડીયાપાડા રોડ),
તા. નેત્રંગ
ફોન :- 7916561228

## રજી. ઓફિસ :

**શૈશવ,**

આઈ/1003, ઇન્દ્રપ્રસ્થ,
ડ્રાઈવઈન થિયેટર પાસે ,
થલતેજ રોડ, અમદાવાદ.


° સંસ્થાને મળતું દાન ઈન્કમટેક્ષ એક્ટ હેઠળ ૮૦ (જી)(૫) મુજબ ૫૦ % કરમુક્તિને પાત્ર છે.

° સંસ્થાને વિદેશી સહાય મેળવવા માટે જરૂરી મંજૂરી મળેલી છે.

શૈશવ

## વિહંગાવલોકન

કોરોના મહામારીના અંત પછીનું નવું વર્ષ.... જનજીવનમાં નવી આશાઓ પ્રગટાવનારું બની રહ્યું ! સંસ્થાની પ્રવૃતિઓ પુન: ધબકતી થઇ.

૨૦૨૨-૨૩નું વર્ષ વિશેષ સ્મરણીય બન્યું. શૈશવ પ્રેરિત બાળકોનું સંગઠન 'બાલસેના' અનેક પડકારો અને ઉતાર-ચઢાવ વચ્ચે પણ સાતત્યપૂર્ણ પ્રવૃતિ તરીકે આગળ વધતું રહ્યું અને જોતજોતામાં ૨૦ વર્ષ પૂર્ણ કર્યા ! તો વળી સંસ્થા પણ ૩૦ વર્ષ પૂર્ણ કરી રહી હતી ! બાળકો–ખાસ કરીને વંચિત બાળકો સાથેની આ ત્રણ દાયકાની યાત્રા...... કેટકેટલા બાળકોના મેઘધનુષી રંગોની નૂતન કેડી કંડારવામાં નિમિત્ત બની ! આનંદ –ઉલ્લાસની સાથોસાથ કંઇક કરવાનો પરમ સંતોષ સૌ અનુભવી રહ્યા છીએ.... આ ગૌરવ શૈશવ સાથે અનેક રીતે જોડાયેલ સૌનું છે ! સૌનો ઋણ સ્વીકાર કરીએ છીએ.

કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય અને ચાઇલ્ડ લાઇન ઇન્ડિયા ફાઉન્ડેશનના સહયોગથી સમગ્ર દેશમાં અનેક સંસ્થાઓ બાળકોની કાળજી અને સુરક્ષા માટે ચાઇલ્ડ હેલ્પ લાઇન – ૧૦૯૮ છેલ્લા ૨૫ વર્ષથી ચલાવી રહી હતી, પરંતુ કેન્દ્ર સરકારે નીતિ અને યોજનામાં બદલાવ કરતાં આ સમગ્ર વ્યવસ્થા સંસ્થાઓને બદલે સરકારના જ જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા ચલાવવાનો નિર્ણય કરવામાં આવતા ભાવનગર જિલ્લામાં શૈશવ દ્વારા ચાલતો કાર્યક્રમ જૂન-જુલાઈ' 2023થી બંધ થશે ! આમ આ બાળ સુરક્ષા અંગેની આ સહભાગી પ્રવૃતિ નું છેલ્લું વર્ષ ! બંધ થવાનો રંજ છે પણ નવી વ્યવસ્થાનું નિર્માણ થઈ રહ્યું છે એટલે આશાવંત છીએ.

બાળકો સાથેની પ્રવૃતિઓમાં પણ પડકાર આવી રહ્યા છે. મોબાઇલના પ્રશ્નો થી લઈને એકાગ્રતા, નિયમિતતાના પ્રશ્નો પણ છે. બાળકોનો એક પ્રવૃતિમાં એકાગ્ર થવાનો સમયગાળો ખૂબ ઓછો થયો છે. થોડી થોડી વારે ધ્યાન તૂટી જાય છે. કંઈક જુદુ કરવું કે થોડીક નકારાત્મકતા પણ જોવા મળી રહી છે. કદાચ પ્રવૃતિઓ પોતાના અનુબંધ પણ ગુમાવી રહી છે તેવું પણ લાગે ! અભ્યાસમાં કચાશ દેખાય છે, અભ્યાસમાં પણ પાછા પડી રહ્યા છે એટલે પણ શાળાઓમાં– ટ્યુશન વર્ગોમાં પણ તેઓના પર વિશેષ દબાણ છે. આવી અનેક મુશ્કેલીઓની વચ્ચે પ્રવૃતિઓને ટકાવવી કે વિકસાવવી તે મોટો પડકાર છે.

આ વર્ષે બાળકોના સંગઠન બાલસેનામાં વાર્ષિક ચૂંટણી, નેતૃત્વ શિબિરો ઉપરાંત રમતોત્સવ અને વાર્ષિક કાર્યક્રમ યોજાયા સાથોસાથ વિશ્વઆરોગ્ય સંસ્થાએ વર્ગીકૃત કરેલ ૧૦ જીવન કૌશલ્યોને આધારિત પ્રવૃતિઓ, કિશોરાવસ્થામાં થતા શારિરીક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો અંગેના અનેક મુદ્દાઓ આધારિત પ્રવૃતિઓ,વેકેશન શિબિર એવું ઘણું યોજી શક્યા, જેની વિશેષ વિગતો અંદરના પ્રકરણમાં સામેલ કરી છે.

નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના ગામોને આવરી લઇ 'આરણ્યક' કાર્યક્રમ ચાલી રહ્યો છે તેના અનુસંધાનમાં ૧૪ ગામોમાં બાળ મૈત્રીપૂર્ણ ગામની સંકલ્પના સાથે બાળકો અને મોટેરાઓ સાથે વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે, તેમાં આ વર્ષથી ૩ થી ૬ વર્ષના બાળકોના શિક્ષણને કેન્દ્રિત કરી આંગણવાડીઓમાં કાર્ય કરવાની શરૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત ૧૧ આશ્રમશાળાઓમાં પણ કાર્યક્રમ ચાલી રહ્યો છે, આ અંગેનો વિસ્તૃત અહેવાલ અંદરના પાનાઓમાં છે.

બાળ અધિકાર તાલીમ સંસાધન કેન્દ્રના ઉપક્રમે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરની કિશોરાવસ્થા અને સુરક્ષાના મુદ્દાઓને લઇને તાલીમકારોની તાલીમ શિબિરો ઉપરાંત કિશોરીઓની સુરક્ષા અંગે શૈશવ દ્વારા વિકસાવેલ વિશિષ્ટ અભ્યાસક્રમ "વેનલીડો" માટે તાલીમકારો તૈયાર થાય તે માટે રાષ્ટ્રીય સ્તરની તાલીમકારો માટેની તાલીમ શિબિરનું આયોજનથી લઈ બાળ અધિકાર સમૂહ પ્રેરિત ગુજરાત બાલ મંચના કાર્યક્રમો અને સાધન સામગ્રી બનાવવાનું કાર્ય પણ થયું જેની વિગતો પાછળ જણાવી છે.

શૈશવ સંસ્થાની પ્રવૃતિઓને વધુ સઘન બને, હાલના અને ભવિષ્યના પડકારો સામે સજ્જતા કેળવાય તથા આંશિક આર્થિક ટેકો મળી રહે તેવા હેતુથી મુંબઈ સ્થિત 'દસરા' સંસ્થા દ્વારા કોઈપણ કાર્યમાં વાપરી શકાય તેના માટે મૂલ્યવાન મદદ મળી છે. આ ઉપરાંત સંસ્થાની કાર્યપ્રણાલિઓ, વ્યવસ્થા-વહીવટના અનુસંધાનમાં સજ્જતા કેળવવા તથા વિશેષ પારદર્શિતા અને જવાબદેહિતા માટે સંસ્થાના વિવિધ સ્તરના કાર્યકરો સાથે મુંબઇ સ્થિત 'આત્મા' સંસ્થા સાથે પણ આપણે આગામી ત્રણ વર્ષ સુધી માર્ગદર્શન અને તાલીમ મળે તે માટે વિશેષ આયોજન કર્યું છે.

દસ્તાવેજીકરણનાં અનુસંધાનમાં બાલસેનાના ૨૦ વર્ષ થયા તે નિમિત્તે બાલસેના અને વિવિધ પ્રવૃતિઓ-અનુભવો વિષેનો અહેવાલ તૈયાર કરવામાં આવી રહ્યો છે તો તેની સાથેસાથે લગભગ ૧૩૦ ઉપરાંત બાલસેનાના ભૂતપૂર્વ અને સક્રિય સભ્યોના બાળકોના ઇન્ટરવ્યુ કરી તેમના જીવનમાં બાલસેનાની થયેલી અસરો અને પ્રભાવ અંગેના ડોક્યુમેન્ટપર પણ કામ ચાલી રહ્યું છે. બાળકોની જીંદગીમાં આવેલ પરિવર્તન કે તેમના સંઘર્ષો જે સૌના માટે પ્રેરણારૂપ છે તેને લઈને બાળકોની જીવનવાર્તાનું પુસ્તક પણ તૈયાર કરવાનું કામ ચાલી રહ્યું છે. આ ઉપરાંત શૈશવ સંસ્થાના સ્તરે નવી ફિલ્મ બનાવવી, ૩૦ વર્ષના કાર્યનું ડોક્યુમેન્ટેશન અંગ્રેજીમાં તૈયાર કરવાનું કામ પણ હાલમાં ચાલી રહ્યું છે. આ વિવિધ ડોક્યુમેન્ટ આગામી વર્ષે પ્રકાશિત કરવાનું આયોજન છે.

અનેક પ્રકારના પડકારો વચ્ચે જીવતા બાળકોના 'બાળપણ'ની નિર્દોષતા-સાત્વિકતા જાળવવી સંવર્ધન કરતાં રહેવીએ  સૌથી મોટો પડકાર છે. આપ સૌનો ઉમદા સહયોગ હંમેશા મળતો રહ્યો છે અને મળતો રહેશે એ શ્રધ્ધા સાથે આપણે સૌ ચાલો બાળપણની નિર્દોષતાને જાળવવા વિશેષ પ્રયત્ન કરીએ – પ્રાર્થના કરીએ.

**પારુલ– ફાલ્ગુન**
**શૈશવ પરિવાર વતી**

શૈશવ

## બાલસેના

શૈશવ પ્રેરિત બાલસેના એટલે કેળવણી – જીવન કેળવણીનું અનોપચારિક પ્લેટફોર્મ 'બાળકોનું, બાળકો માટે, બાળકો વડે ચાલતું સ્વતંત્ર સંગઠન' તમામ બાળકોને તમામ અધિકાર સતત અને સમાન રીતે મળતા રહે, વર્તમાન સ્થિતિમાં પણ જીવનનો હકારાત્મક અભિગમ કેળવતા રહે, પ્રશ્નોના નિરાકરણની આવડત વિકસે, પોતાની વાત અભિવ્યક્ત કરવા તેમજ બાળકથી કિશોરવય તરફના વિકાસ દરમ્યાન થતાં શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારોની સમજ કેળવી જીવનના કૌશલ્ય શીખતા આગળ વધતા રહે તે માટેનું પ્લેટફોર્મ એટલે "બાલસેના"

કોરોના મહામારીની બાળકોના જીવન અને શિક્ષણ પર વ્યાપક અસરો થઇ, જે અંગેનો અભ્યાસ ગત વર્ષે કર્યો હતો. આ વર્ષે પરિસ્થિતિ સુધરતી ગઇ અને બાળકોનું જીવન પણ પાટે ચઢ્યું !

બાલસેનાના કાર્યક્રમ હેઠળ ભાવનગર શહેરના ૨૧ વિસ્તારો તથા ૧૩ શાળાઓને આવરી લેવામાં આવી છે. અહીંયા વિસ્તારોમાં દર અઠવાડિયે તેમજ શાળાઓમાં દર પંદર દિવસે જીવન કૌશલ્યો, બાળ અધિકાર, વિવિધ રમતો, આર્ટ એન્ડ ક્રાફ્ટ, વિજ્ઞાન, એડોલેસન્ટ ઉમરમાં થતા શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો જેવા અનેક મુદ્દાઓની તાલીમ અને પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

### વેકેશન શિબિર

દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૫ મે થી ૪ જુન દરમ્યાન વેકેશન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકો જાતે કરીને શીખે તેવા હેતુથી શરીર વિજ્ઞાનના અનેકવિધ મોડેલ બાળકો પાસે બનાડાવ્યા હતા અને તેના તંત્ર વિષે સમજણ આપી હતી, આ ઉપરાંત આર્ટ અને ક્રાફ્ટનાં વિવિધ મોડેલ બાળકોએ બનાવ્યાં હતાં, જેમાં નિયમિત રીતે 294 બાળકો સહભાગી થયા હતાં.

ઉનાળુ વેકેશન દરમ્યાન જ બાલસેનાના બાળકોનો નિવાસી નેતૃત્વ તાલીમ શિબિર ભાવનગરથી ૫૦ કિ.મીદૂર માઈધારમાં લોકભારતી સંસ્થા સંચાલિત કેમ્પસમાં કર્યો હતો જેમાં અનુભવ આધારિત પ્રવૃતિઓ દ્વારા જીવન કૌશલ્યોની તાલીમ આપવામાં આવી હતી. આ કેમ્પમાં શૈશવના નર્મદા જિલ્લાના ડેડિયાપાડા વિસ્તારમાં ચાલતા પ્રોજેક્ટના બાળકો પણ જોડાયા હતા. તેમના માટે આટલે દૂર સુધી મુસાફરી કરવાનો પ્રથમ અનુભવ હતો.

જૂન મહિનો બાળકોએ 'પર્યાવરણ' ના મુદ્દાને લઈને વિવિધ પ્રવૃતિઓ કરી હતી, જેમાં દરેક વિસ્તારોમાં બાળકોની બનેલી પર્યાવરણ સમિતિએ નેતૃત્વ લઈ પાણી બચાવો, વૃક્ષ બચાઓ અને વીજળી બચાવોના મુદ્દા પર અભિયાન કરવા ઉપરાંત ઘરોની મુલાકાત લઈ આ મુદ્દાની તથા સ્વચ્છતાના મુદ્દાની સમજણ આપી હતી.

આમ દરેક મહિનામાં અલગ અલગ થીમ આધારીત પ્રવૃતિઑ યોજવામાં આવી હતી જેમાં ભાષા, ગણિત,ક્રાફ્ટ,રસોડા દ્વારા વિજ્ઞાન,વૈદિક ગણિત, દેશી રમતો ઉપરાંત ખો-ખો,કબડ્ડી, લંગડી જેવી રમતો,વેસ્ટ માંથી બેસ્ટ જેવી પ્રવૃતિઑનું આયોજન કરવામાં આવ્યું હતું.
બાળકો સાથે ગાંધીજીના જીવનની વાતોને વણી લઇ 'ચાલને રમીએ ગાંધી ગાંધી'ના શીર્ષક હેઠળ અનુભવ આધારિત પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી, જ્યારે ૧૪ થી ૨૦ નવેમ્બર બાળ અધિકાર સપ્તાહની ઉજવણી નિમિત્તે વિસ્તારો તથા શાળાઓમાં 'ઓન લાઈન સેફ્ટી' ના મુદ્દાને લઇ શેરી નાટકોના માધ્યમથી જાગૃતિ કાર્યક્રમો યોજયા હતાં,આ માટે શૈશવ ના તમામ ભાઈ-બહેનો જોડાયા હતા આ અંગે ની આંકડાકીય માહિતી ચાઈલ્ડ હેલ્પ લાઈન પ્રકરણની અંદર સમાવી છે.

### ૨૦મો વાર્ષિકોત્સવ

બાલસેના– બાળકોના સ્વાયત સંગઠને જોતજોતામાં અનેક પડકારોની વચ્ચે પણ ૨૦ વર્ષ પૂર્ણ કર્યા ! સભ્યપદે બાળકોની આવન જાવન થતી રહી પણ કાર્યક્રમ સાતત્યપૂર્ણ રીતે આગળ ધપી રહ્યો છે.

આ નિમિત્તે નવતર પ્રયોગ કર્યો. તાં. ૨૫-૧૨-૨૦૨૨ ના રોજ સવારે આઠ વાગે જાણીતા કોર્પોરેટ ટ્રેનર અને બાલદોસ્ત શ્રી અરવિંદભાઈ ત્રિવેદીએ રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. બાળકો સુત્રોચ્ચાર કરતાં કરતાં શામળદાસ કૉલેજ પહોંચ્યા, ધ્વજવંદન પછી બાળકોએ બાલસેના અને તરુણસેનાનો વાર્ષિક અહેવાલ આપ્યો ત્યારબાદ નાસ્તો કરી બાળક અલગ અલગ જૂથમાં વહેંચાઈ રૂમોમાં ગયા. દરેક રૂમોમાં પહોચેલા બાળકોની સાથે ફેસીલીટેટર દ્વારા મુખ્ય ૧. બાલસેનાને તમારે એક શબ્દમાં વ્યક્ત કરવાની હોય તો કયો મૂલ્ય શબ્દ પસંદ કરશો ? ૨. બાલસેનામાંથી તમને શું શું શીખવા મળી રહ્યું છે. ૩. બાલસેનાની પ્રવૃતિઓનો તમારા જીવન પર શું પ્રભાવ છે....! બાલસેનાના બાળકો દ્વારા બાલસેનાનું સ્વ મૂલ્યાંકન કરવામાં આવ્યું તે એક વિશેષ નવત્તર બાબત હતી. આ અંગેનું વિશ્લેષણ તૈયાર કરવામાં આવ્યું છે.

બપોરના ભોજન બાદ ભાગ લેનાર તમામ બાળકો કૉલેજના સભા મંડપમાંસંમેલનરૂપે એકત્ર થયા હતા.

વાર્ષિક કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ભાવનગર સ્ટેટના યુવરાજ શ્રી

શૈશવ

જયવિરરાજસિંહે ઉપસ્થિત રહી બાળકોને એમની સરળ પણ સ્પર્શી જાય તેવી વાણીમાં કહ્યું હતું કે 'હું તમારો ભાઇ છું !' યુવરાજશ્રી ના હસ્તે ૨૦ વર્ષમાં બાલસેનાના અધ્યક્ષ-ઉપાધ્યક્ષ બનેલ બાળકો, આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય કે રાજ્ય સ્તરે પ્રતિનિધિત્વ કર્યું હોય કે વિશેષ પ્રદાન કર્યું હોય તેવા બાળકોને મોમેન્ટો તથા પ્રમાણપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ભાવનગરના પૂર્વ સાંસદ અને બાલદોસ્ત શ્રી રાજેન્દ્રસિંહજીરાણા તથા કૉલેજના આચાર્ય શ્રીજયવંતસિંહ ગોહિલ, શ્રીસુભાષભાઇ ભટ્ટ, શ્રી રાજેશભાઇ ત્રિવેદી તથા કેટલીક શાળાઓના શિક્ષક ભાઈ – બહેનો અને આચાર્યશ્રી ગિરીશભાઇ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમમાં શૈશવના કાર્યકરો સાથે ઘરશાળા અધ્યાપન મંદિરની વિદ્યાર્થીનીઓની ટીમે તથા બાળમેળામાં જોડાયેલ શાળાના શિક્ષક ભાઈ-બહેનોએ સુંદર સહયોગ પૂરો પાડ્યો હતો. કાર્યક્રમમાં મંગલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બાળકોને સવારનો નાસ્તો તથા શ્રી કોમલબેન ઠક્કરદ્વારા બપોરે જામફળ વિતરણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત બાળકોને શહેરના વિવિધ વિસ્તારોમાંથી લાવવા તથા પરત મૂકવા જવા માટે સરદાર પટેલ એજ્યુ. ઇન્સ્ટિટ્યૂટ, કેપીઈએસ, સીલ્વરબેલ્સ, વિધ્યાધીશ, સહજાનંદ ગુરુકુળ, શાળાઓની સ્કૂલ બસોનો સુંદર સહયોગ મળ્યો હતો. વાર્ષિક કાર્યક્રમમાં કુલ ૧૦૦૯ બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

## બાલસેનાચૂંટણી

બાલસેના માં જોડાયેલા બાળકો લોકશાહીના મૂલ્યને પ્રત્યક્ષ રીતે શીખે તેના અનુસંધાનમાં દર વર્ષે બાળકો પોતાના વિસ્તાર અને શાળામાં કેપ્ટન, વાઈસ કેપ્ટન અને ૨ કોર ગ્રુપ સભ્યોની અને પછી કાઉન્સીલની રચના દ્વારા અદયક્ષ-ઉપાદયક્ષ ની ચૂંટણી કરતાં હોય છે, આ ચૂંટણી આપણી સામાન્ય ચૂંટણી કરતાં અલગ વિશેષ રીતે થતી હોય છે. ઉમેદવારોની લાયકાત ના મૂલ્યને યોગ્ય રીતે મૂલવતાં શીખી શકાય તેવા હેતુથી ગુણાંક આધારીત પદ્ધતિ દ્વારા ખુલ્લી ચર્ચા કરી મતદાન થતું હોય છે. આ અંગે અગાઉ જાણીતા લેખક અને કેળવણીકાર ડૉ ભદ્રાયુભાઈ વછરાજાનીએ અગાઉ વિશેષ લેખ તૈયાર કર્યો હતો.

કોરોનાના કારણે ૧ વર્ષ ચુટણી મુલતવી રહી હતી તેથી આ વર્ષમાં ચૂંટણી નો ઉત્સાહ પણ હતો. ૨૧ વિસ્તારો અને ૧૨ શાળાઓ માં અગાઉ કેપ્ટન, વાઈસ કેપ્ટન અને ૨ કોરગ્રુપ સભ્યો ની ચૂંટણી અગાઉ થઇ ગઇ હતી અને 31 જુલાઈ ૨૦૨૨ ના રોજ અદયક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી યોજાઈ હતી જેમાં ૨૦૯ કાઉન્સિલ સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

આ વર્ષે અધ્યક્ષ તરીકે લાખાજીનગર વિસ્તારનો દીપક (ધો. ૯) તથા કુંભારવાડા વિસ્તારની સના (ધો. ૮) ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. આ વિશેષ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી સફીહસન, નાયબ જિલ્લા પોલિસ અધીક્ષકશ્રી એ ઉપસ્થિત રહી બાળકોને પોતાના જીવન સંઘર્ષની અને અન્ય પ્રેરણાત્મક વાતો કરી હતી.

## રાજ્ય – રાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ

બાલસેનાના ૪ બાળકો ગુજરાત બાલમંચના મે ૨૦૨૨માં અમદાવાદમાં યોજાયેલ શિબિરમાં ભાગ લીધો હતો. જ્યારે બાલ મજુરી વિશેષ ઝુંબેશના ઉપક્રમે દિલ્હીમાં યોજાયેલ કાર્યક્રમમાં બાલસેનાના ૨ બાળકોએ ભાગ લીધો હતો, જેમાં ૧૮ રાજ્યના બાળકો જોડાયા હતા. બાલસેનાના બાળકોએ પ્રેસ કોન્ફરન્સ તથા પબ્લીક જયુરી સમક્ષ રજૂઆત કરી હતી.

NACG – EVAC INDIA, દ્વારા ભુવનેશ્વર ખાતે યોજાયેલ બાળકોના રાષ્ટ્રીય અધિવેશનમાં નિકિતા અને રવિએ બાલસેનાનું ગુજરાત વતી પ્રતિનિધિત્વ કરેલું તથા બાલસેના ના ભૂતપૂર્વ અધ્યક્ષ અને હાલ શૈશવના કાર્યકર શિવાનીબેને પણ હાજરી આપી હતી . આ અધિવેશન માં શૈશવ ના પારુલબેને તજજ્ઞ તરીકે સેવાઓ આપી હતી.

આ ઉપરાંત NACG – EVAC દ્વારા વિવિધ રાષ્ટ્રીય કક્ષાની ઓનલાઇન તાલીમ અને મીટીંગોમાં પણ બાળકોએ હાજરી આપી હતી. SAARC દેશોની રીજનલ કોન્ફરન્સમાં ભારત તરફથી રજૂઆત કરવાનું ગૌરવ બાલસેનાની કલ્પનાને મળ્યું હતું. આ વિવિધ તાલીમોમાં શૈશવ વતી તાલીમકાર અને તજજ્ઞ તરીકે શૈશવના પારૂલબેન તથા ઈશાબેને સેવાઓ આપી હતી.

આમ વિવિધ પ્રવૃતિ ઉપરાંત વિસ્તારોમાં દર અઠવાડિયે તથા શાળાઓમાં દર ૧૫ દિવસે કાર્યકરોની ટીમ દ્વારા પ્રવૃતિઓ કરાવવામાં આવતી હોય છે હાલ બાલસેનામાં ૧૬ શાળાના ૮૭૮ બાળકો (૩૫૦ છોકરા અને ૫૨૮ છોકરીઓ) તથા ૨૧ વિસ્તારના ૭૦૫ બાળકો (૩૮૪ છોકરા અને ૩૨૧ છોકરીઓ) મળીને ૧૫૮૩ બાળકો જોડાયા છે. અહિયાં નીચે બાલસેનાની આંકડાકીય કામગીરી દર્શાવી છે.

શૈશવ

## સંસ્થાના કાર્યકરો દ્વારા બાળકો સાથે થયેલ પ્રવૃતિઓ

| ક્રમ | વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કૂલ |
|---|---|---|---|---|---|
| ૧ | વિસ્તાર/શાળાનાબાળકો સાથે અઠવાડિક પ્રવૃતિઓ (21 વિસ્તાર )સરેરાશ હાજરી વાર્ષિક | ૧૩૬ | ૯૦૧૫<br>૪૩૦ | ૮૪૬૬<br>૪૦૪ | ૧૭૪૮૧<br>૮૩૪ |
| ૨ | બાળજૂથોની સંયુક્ત પ્રવૃતિઓ(૪ ઝોન)<br>સરેરાશ હાજરી | ૧૪૭<br>૨૪ | ૧૦૬૯<br>૫૧ | ૧૧૧૭<br>૫૩ | ૨૧૮૬<br>૧૦૪ |
| ૩ | એક દિવસની તાલીમ | ૧૨ | ૨૦૩ | ૨૫૨ | ૪૫૫ |
| ૪ | નિવાસી તાલીમ શિબિર | ૪ | ૧૬૩ | ૧૩૧ | ૨૯૪ |
| ૫ | કિશોર મંડળ પ્રવૃતિકિશોરો માટે<br>કિશોરી મંડળ પ્રવૃતિકિશોરીઓ માટે | ૧૧૯<br>૧૫૯ | ૩૪૯<br>- | -<br>૩૬૫ | ૩૪૯<br>૩૬૫ |
| ૬<br>૭ | વેનલીડો (સ્વરક્ષણ) તાલીમ કિશોરીઓ માટે<br>વેનલીડો પ્રેક્ટિસ ગ્રુપ | ૧૨<br>૨૨ | -<br>- | ૨૩૯<br>૧૦૫ | ૨૩૯<br>૧૦૫ |
| ૮ | બાળમેળા | ૧૨ | ૩૩૩ | ૩૫૪ | ૬૮૭ |
| ૯ | રમતોત્સવ | ૮ | ૨૫૬ | ૧૯૪ | ૪૫૦ |
| ૧૦ | વાર્ષિક કાર્યક્રમ | ૧ | ૩૯૧ | ૫૭૯ | ૧૦૦૯ |
| ૧૧ | ઉનાળુ વેકેશન શિબિર (દૈનિક હાજરી)<br>પૂર્ણાહુતિ કાર્યક્રમ | ૧<br>૧ | ૧૬૩<br>૧૧૭ | ૧૩૧<br>૧૩૦ | ૨૯૪<br>૨૪૭ |
| ૧૨ | ૧૫ ઓગસ્ટ ઉત્સવ | ૧ | ૧૪૧ | ૧૫૯ | ૩૦૦ |
| ૧૩ | બાળ સુરક્ષા સમિતિ મીટીંગ બાળકો<br>(૨૧ વિસ્તાર)પુખ્તો | ૨૭૧ | ૪૩૨<br>૩૩૫ | ૪૯૮<br>૧૭૨૬ | ૯૩૦<br>૨૦૬૧ |
| ૧૪ | રાજ્ય સ્તરે પ્રતિનિધિત્વ<br>રાષ્ટ્રીય સ્તરે પ્રતિનિધિત્વ | ૧<br>૩ | ૨<br>૨ | ૨<br>૨ | ૪<br>૪ |

## બાળકો દ્વારા બાળકો માટે ની પ્રવૃતિઓ

| ક્રમ | વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કૂલ |
|---|---|---|---|---|---|
| ૧ | બાળકો દ્વારા કાર્યક્રમો સરેરાશ હાજરી | ૨૧૦ | ૯૮ | ૯૬ | ૧૯૪ |
| ૨ | બાલસેનાકાઉન્સલિંગ /સક્રિય સભ્યો ની મીટીંગ સરેરાશ હાજરી | ૧૩ | ૩૯ | ૩૩ | ૭૨ |
| ૩ | વિસ્તાર માં બાળકો દ્વારા બાળકોની જ મીટીંગ સરેરાશ હાજરી | ૨૩૧ | ૯૮ | ૯૬ | ૧૯૪ |
| ૪ | શૈક્ષણિક પ્રવાસ પર્યટન (EXPOSURE VISIT) | ૨૭ | ૩૪૦ | ૨૪૨ | ૫૮૨ |

શૈશવ

# બાલ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર

બાળ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્ર દ્વારા સંસ્થાના પોતાના કાર્યકરોની સજ્જતા અને ક્ષમતાવર્ધન માટે, પ્રવૃતિઓ અને સાધન સામગ્રી કે ડોક્યુમેન્ટેશન અંગેની કામગીરી થાય છે અને સાથોસાથ અનુભવોનું આદાન -પ્રદાન થઇ શકે,શીખ્યા છીએ તે વહેંચાય તેવા હેતુ થી અન્ય સંસ્થાઓના કાર્યકરો માટે તાલીમ આપવાનું કાર્ય નિયમિત રીતે થતું રહે છે.

**શૈશવના કાર્યકરો અને બાળકો સાથે તાલીમ કાર્યક્રમ**

શૈશવ ના કાર્યકરો સાથે અનેક વિવિધ મુદ્દાઓ જેવા કે બાળઅધિકાર,જીવન કૌશલ્યો,વિવિધ રમતો,વેકેશન શિબિર ની પ્રવૃતિઓ,લીડરશીપ કેમ્પ,કમ્યુનિકેશન વિગેરે અંગેની કુલ ૨૩તાલીમો વર્ષ દરમ્યાન યોજવામાં આવી હતી.

આ ઉપરાંત ભાવનગર તથા ડેડિયાપાડા પ્રોજેક્ટના બાળકો સાથે પણ ટ્રેનિંગ ટીમ દ્વારા વિવિધ રમતો,બાલ અધિકાર,કમ્યુનિકેશન,સ્વની ની ઓળખ કે વેકેશન શિબિરની પ્રવુતિઓ વગેરેની તાલીમો પણ યોજી હતી.

**શૈશવ દ્વારા અન્ય સંસ્થાઓના કાર્યકરો માટેની તાલીમ :**

શૈશવ દ્વારા આતાપી સેવા ફાઉન્ડેશનના કાર્યકરો તથા બાળકો સાથે નિયમિત તાલીમ કાર્યક્મો યોજાતા હોય છે આ વર્ષે ૩ તાલીમ યોજવામાં આવી હતી, જેમાં સંસ્થાના ૯ કાર્યકરો તથા ૯૭ બાળકોને નેતૃત્વ,સંગઠન,બાલ અધિકારો ઉપરાંત વિજ્ઞાન -ભાષા અને સર્જનાત્મક પ્રવૃતિઓની તાલીમ આપી હતી.

વિશ્વગ્રામ સંસ્થા મહેસાણા સાથે જોડાયેલ સ્વયંસેવક મિત્રો સાથે મૈત્રીની વિવિધ અનુભવ આધારિત રમતોની તાલીમ શિબિર યોજવામાં આવી હતી જેમાં ૨૬ ભાઇ -બહેનો એ ભાગ લીધો હતો.

વેકેશન શિબિરમાં બાળકો સાથે કેવી કેવી નવી પ્રવુતિઓ યોજાય તે અંગે ની તાલીમ ૨૬-૨૯ એપ્રિલ ૨૦૨૨ દરમિયાન યોજાઇ હતી જેમાં શૈશવના કાર્યકરો ઉપરાંત સેવા-રૂરલ, ઝઘડિયા અને આતાપી સેવા ફાઉન્ડેશનના કાર્યકર ભાઈ-બહેનો પણ જોડાયા હતા.

**તાલીમકારોની તાલીમ :-**

૧. શૈશવ દ્વારા રાજ્ય સ્તરની એડોલેસન્ટ ટ્રેનિંગના મુદ્દે તાલીમકારોની તાલીમ ૯ થી ૧૪ મે ૨૦૨૨ દરમ્યાન યોજવામાં આવી હતી જેમાં ગુજરાતની ૯ સંસ્થાઓના ૨૮ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો, જ્યારે રાષ્ટ્રીય સ્તરની તાલીમકારો માટેની તાલીમમાં ૮ જુદા જુદા રાજ્યની ૧૩ સંસ્થાઓના ૨૩ બહેનો અને ૯ ભાઇઓ મળીને કૂલ ૩૨ કાર્યકરોએ ભાગ લીધો હતો. આ બંન્ને તાલીમોના આયોજન સફળ બની રહ્યાં હતા અને દર વર્ષે – દર છ મહિને આ પ્રકારની તાલીમો યોજાતી રહે તેના માટેની જરૂરિયાત પણ બહાર આવી હતી.

૨. **વેનલીડો–તાલીમકારો માટેની રાષ્ટ્રીય તાલીમ**
કિશોરીઓના સ્વરક્ષણ અને સુરક્ષા માટે શૈશવ દ્વારા ખાસ 'વેનલીડો' અભ્યાસક્રમ વિકસાવવામાં આવ્યો છે. આ માટેના તાલીમકારો તૈયાર કરવાના હેતુથી ૩ દિવસની બેઝીક, ૧૦ દિવસની એડવાન્સ અને ત્યારબાદ વિશેષ ૧૫ દિવસની તાલિમકારોની તાલીમ યોજાતી હોય છે. તેના અનુસંધાનમાં ૨૪ મે થી ૮ જુન ૨૦૨૨ દરમ્યાન ભાવનગરમાં તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૮ રાજ્યની સંસ્થામાંથી ૨૯ બહેનોએ ભાગ લીધો હતો અને તાલીમકાર તરીકે શૈશવના પારૂલબહેન, ઇશાબહેન, દક્ષાબહેન ઉપરાંત વેનલીડો નેટવર્કના નિધિબહેન અને ગીતાબહેને તાલીમ આપી હતી.

- ➢ મુંબઇ સ્થિત માવા સંસ્થા પંચમહાલ જિલ્લામાં કાર્યરત છે તેના ૧૮ કાર્યકરો સાથે કમ્યુનિકેશન સ્કીલ અને કિશોરો સાથે કેવી રીતે કાર્ય કરવું તે અંગેની તાલીમ શૈશવ દ્વારા ૨૨-૨૩ ઑગષ્ટના રોજ આપવામાં આવી હતી.

બાળકોના અધિકાર માટે કાર્યરત બાલ અધિકાર સમૂહ -ગુજરાત પ્રેરિત ગુજરાત બાલ મંચ કાર્યરત છે, જેના સંકલ્પની જવાબદારી શૈશવ સંભાળે છે. જેમાં ગુજરાતની વિવિધ સંસ્થાના બાળ સંગઠનોના પ્રતિનિધિઓ જોડાયેલા છે. ગુજરાત બાલમંચના ઉપક્રમે ૧૬ થી ૨૦ મે ૨૦૨૨ દરમ્યાન ગુજરાત વિદ્યાપીઠ ખાતે સંગઠન અને બાળકોની સક્રિય સહભાગીતાના મુદ્દે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શૈશવ દ્વારા બાળકોને વિવિધ તાલીમ અનુભવ આધારિત રમતો – જૂથચર્ચાના માધ્યમથી આપવામાં આવી હતી.

આ ઉપરાંત બાલસેનાના વાર્ષિક કાર્યક્રમ અગાઉ ૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ બે દિવસ દરમ્યાન ગુજરાત બાલમંચની ૯ સંસ્થાના ૫૦ બાળકો સાથે શૈશવ દ્વારા તાલીમ શિબિર યોજવામાં આવી હતી.

શૈશવ

મિરેકલ ફાઉન્ડેશન અને યુનિસેફના ઉપક્રમે ગુજરાતમાં આવેલ ચિલ્ડ્રન હોમના આયાબહેનો સાથે બાળકો સાથેના વર્તન –વ્યવહાર– સંવાદ અંગેની તાલીમ ૧૬ અને ૨૦ મે ૨૦૨૨ ના રોજ શૈશવ દ્વારા આપવામાં આવી હતી, જેમાં ૩૦ ઉપરાંત બહેનોએ ભાગ લીધો હતો.

## ડોક્યુમેન્ટેશન

૧. શૈશવ પ્રેરિત બાલસેના પ્રવૃતિના ૨૦ વર્ષ પૂરા થતા નક્કી કરવામાં આવ્યું કે બાલસેનાના હાલના તથા ભૂતપૂર્વ બાળકોમાંથી ૧૦૦-૧૫૦ બાળકોના સેમ્પલ લઈ અભ્યાસ કરીએ કે તેમના જીવન પર બાલસેનાનાં કાર્યોની કેવી અસર થઈ ? કેવો પ્રભાવ પડ્યો ? આ અનુસંધાનમા ૧૩૦ જેટલા બાળકોના વ્યક્તિગત ઈન્ટરવ્યુ કરવામાં આવ્યા અને તેના વિશ્લેષણના આધારે એક અભ્યાસ અહેવાલ તૈયાર કરવાનું કાર્ય હાલમાં ચાલી રહ્યું છે.

આ ઉપરાંત બાલસેનાના ૨૦ વર્ષના કાર્યનો અહેવાલ તથા બાળકોની કેસ સ્ટડી અને વાર્તાઓ લખવાનું કાર્ય પણ હાલમાં ચાલી રહ્યું છે. આવતા વર્ષે આ ત્રણેય અહેવાલ પ્રકાશિત કરવામાં આવનાર છે.

૨. આરણ્યક કાર્યક્રમ ડેડિયાપાડામાં આશ્રમ શાળાઓમાં પ્રવૃતિઓ કરાવવામાં આવી રહી છે તેના અનુભવોને આધારે આશ્રમ શાળાઓ માટેની મોડેલ ચાઇલ્ડ પ્રોટેકશન પોલિસીનો ડ્રાફટ તૈયાર કરવામાં આવ્યો છે અને તેના અમલ અંગે હાલમાં વાતચીત ચાલી રહી છે. આ ઉપરાંત આશ્રમ શાળાઓની સ્થિતિ અંગેનો નીડ એસેસમેન્ટ રિપોર્ટ પણ તૈયાર કરવામાં આવ્યો છે.

૩. શૈશવના ૩૦ વર્ષ પૂર્ણ થયા તેને ધ્યાનમાં લઈ શૈશવના કાર્યનો – વિચારનો –અનુભવોનો એક અંગ્રેજી અહેવાલ તૈયાર કરવામાં આવી રહ્યો છે। આ માટે "હક – સેન્ટર ફોર ચાઇલ્ડ રાઇટ્સના સ્થાપક એનાક્ષીબહેન ગાંગુલીનો ઉત્તમ સહયોગ મળ્યો છે.

૪. આ ઉપરાંત અનેકવિધ પ્રવૃતિઓ– અનુભવ આધારિત પ્રવૃતિઓના મેન્યુઅલ વગેરે તૈયાર કરવામાં આવ્યા છે.

## નેટવર્ક

બાળ અધિકાર સમૂહ – ગુજરાત, ગુજરાત બાલમંચ દ્વારા આયોજિત મીટીંગ –કાર્યક્રમોમાં સક્રિય રીતે ભાગ લેવા ઉપરાંત જવાબદારીઓ લઈ વિવિધ કાર્યક્રમોનું સંચાલન પણ શૈશવ દ્વારા કરવામાં આવ્યું હતું.

ભાવનગર જિલ્લાની ચાઇલ્ડ લેબર ટાસ્કફોર્સ, જિલ્લા બાલ સુરક્ષા સમિતિ, સ્પોનસરશિપ અને ફોસ્ટર કેર સમિતિ તથા જિલ્લા સ્તરની કાર્યનાં સ્થળે સ્ત્રી કર્મચારીઓની સતામણી વિરુદ્ધ સુરક્ષા માટેની સમિતિ વગેરેમાં સંસ્થાના કાર્યકરો સક્રિય યોગદાન આપી રહ્યા છે.

આ ઉપરાંત નેશનલ એક્શન કોઓર્ડિનેશન ગ્રુપ ટુ એન્ડ વાયોલન્સ અગેઇન્સ્ટ ચીલ્ડ્રન યંગ વોઈસીસ, રાઇટ ટુ એજ્યુકેશન ફોરમ, બાળમજુરી વિરોધી ઝુંબેશ જેવા રાષ્ટ્રીય નેટવર્ક આયોજિત કાર્યક્રમોમાં શૈશવની સક્રિય સહભાગિતા રહી છે. આ કાર્યક્રમોમાં બાલસેનાના બાળકો ઉપરાંત કાર્યકરો વગેરે પણ સહભાગી થયા હતા.

રાષ્ટ્રીય સ્તરે કાર્યરત યંગ વોઈસીસ નેટવર્કના કાર્યક્રમમાં તરુણસેનાના બાળકો સહભાગી થયા હતા, જ્યારે રાજ્ય સ્તરે સહજ સંસ્થા વડોદરા દ્વારા ઓગસ્ટ મહિનામાં આયોજિત સ્ટેટ્સ ઓફ એડોલેશન્ટ એન્ડ યુથ ઓફ ગુજરાત અંગેની વિચાર ગોષ્ઠિમાં પણ બાલસેનાના બાળકો તરુણસેનાના તરુણો તથા શૈશવના કાર્યકરો સહભાગી થયા હતા, ઉપરાંત શિક્ષણના અધિકારના સત્રનું સંચાલન કર્યું હતું.

| શૈશવનાકાર્યકરોની તાલીમ | તાલીમની સંખ્યા | શૈશવના કાર્યકરોની સંખ્યા |
|---|---|---|
| વેકેશન શિબિરની પ્રવૃતિઓ, બાળ અધિકારો ,બાલ સંગઠન –નેતૃત્વ બાળ સુરક્ષા,મૈત્રીની રમતો ,જીવન કૌશલ્યો, કિશોરાવસ્થા કાર્યક્રમ ,ગાંધી જીવન દર્શન , ઓનલાઈન સેફટી ,શેરી નાટક ,પ્રોજેકટ મેનેજમેંટ, વાર્ષિકોત્સવ ,ડ્રોઈંગ-પેપર ક્રાફ્ટ,વિજ્ઞાન , કેમ્પ નું આયોજન સોશ્યલ મીડીયા, મોબાઈલ નું વળગણ ,ગામને ઓળખીએ, ખજાના શોધ વાર્તા-કથન-વાંચન , શૈક્ષણિક સાધન સામગ્રી | ૨૩ | ૨૯ |

**શૈશવ દ્વારા અન્ય સંસ્થાના કાર્યકરોની તાલીમ**

| વિષય-મુદ્દો | તાલીમની સંખ્યા | સંસ્થાની સંખ્યા | કાર્યકરોની સંખ્યા | બાળકો |
|---|---|---|---|---|
| મૈત્રીની રમતો, જીવન કૌશલ્યો, બાલ અધિકારો, બાલ સંગઠન-નેતૃત્વ, ટીમ બિલ્ડિંગ, કિશોરાવસ્થા અને સુરક્ષા, શૈક્ષણિક પ્રવૃતિઓ,વેકેશન શિબિર,ઓનલાઇન સેફ્ટી , સોશ્યલ મીડીયા,કમ્યુનિકેશન તથા તાલીમકારોની તાલીમ | ૧૫ | ૪૭ | ૪૨૪ | ૫૦૩ |

શૈશવ

## ચાઇલ્ડ હેલ્પલાઇન

૨૦૨૨ – ૨૦૨૩ના વર્ષની શરૂઆત થઇ મૂંઝવણ સાથે ! મહિલા અને બાળ વિકાસ મંત્રાલય અને ચાઇલ્ડ લાઇન ઈન્ડિયા ફાઉન્ડેશન ના ઉપક્રમે સમગ્ર દેશમાં બાળકોની કાળજી અને સુરક્ષા માટે ચાલતી ચાઇલ્ડ હેલ્પ લાઇન – ૧૦૯૮ સેવાએ સંસ્થાઓ દ્વારા કાર્યરત રહેશે કે બંધ થશે ! કેવી રીતે આ સેવાઓ ચાલશે !

કામગીરી ચાલી રહી હતી પરંતુ સ્ટાફ કાર્યકરોને ચિંતા પણ હતી. અસ્પષ્ટતાઓને લીધે કાર્યકરોની નવી નિમણૂક ન કરતાં જે ટીમ સભ્યો છે તેની સાથે સંસ્થાના અન્ય કાર્યકરોને જોડીને સેવાઓ ચાલી રહી હતી. કોઇ નવી નિમણૂક થાય અને સેવાઓ બંધ થાય તો નવા જોડાયેલા પ્રત્યેની આપણી પ્રતિબધ્ધતા ક્યાં ? સવાલ અનેક હતાં.

વર્ષના અંત સુધીમાં ચિત્ર થોડું થોડું સ્પષ્ટ થઇ રહ્યું હતું. કેન્દ્ર સરકારે પોતાની નીતિ અને યોજના બદલતાં ૨૫ વર્ષથી ચાલતી આ સેવાઓ સંસ્થાઓ માંથી બદલીને સરકાર હસ્તક ચલાવવાનું નક્કી થયું. દરેક રાજય સરકારોએ પોતાને ત્યાં નોડેલ એજન્સીની રચના કરી, ૧૧૨ નંબરમાં સેવાઓને જોડવાનું નક્કી થયું અને પછી ત્યાંથી જે તે જિલ્લાના બાલ સુરક્ષા વિભાગ દ્વારા હેલ્પ લાઇન કામગીરી ચાલશે તેવું નક્કી થયું ! ૧૯ જૂન ૨૦૨૩ના રોજથી સેવાઓ સંસ્થાઓ બંધ કરશે તેવો પરિપત્ર છેક મે ૨૦૨૩ના અંતમાં મળ્યો ! ત્યાર પછી પણ ૩૦ જૂન અને ૭ જુલાઇ ૨૦૨૩ સુધી સંસ્થાઓ દ્વારા સેવા ચાલુ રાખવા માટે જાણ કરવામાં આવી અને ૭ જુલાઇ'૨૦૨૩ થી સેવાઓ બંધ થઈ.

ખેર, બાળ સુરક્ષા અને બાળકોની કાળજીનું સુંદર કાર્ય સંસ્થાઓ પાસેથી સરકાર હસ્તક થયું. શ્રધ્ધા રાખીએ કે આ હસ્તાંતરણ દ્વારા બાળ સુરક્ષાનું કાર્ય સુપેરે ચાલશે.

વર્ષ ૨૦૨૨-૨૦૨૩ (માર્ચ ૨૦૨૩ સુધી)માં થયેલ કામગીરીની મુખ્ય બાબતો અહિયાં આપી છે.

કોરોના મહામારી પછીનું આ વર્ષ... કામગીરી નિયમિત રીતે થઇ શકી.... કોરોના દરમ્યાન અસરગ્રસ્ત થયેલ કુટુંબો – બાળકોની મુલાકાત સમયાંતરે અમે લઈ રહ્યા હતા.

### બાળ અધિકાર સપ્તાહ

કોરોના પછી બાળકોના હાથમાં શિક્ષણ સાથે મોબાઇલ આવી ગયાં છે. પણ મોબાઇલના વિવેકપૂર્વક ઉપયોગની સમાજ નથી. આ અંગે જાગૃતિ લાવવા આ મુદ્દો નક્કી કર્યો અને દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૪ થી ૨૦ નવેમ્બર ૨૦૨૨ દરમ્યાન બાળ અધિકાર સપ્તાહની ઉજવણી ઓનલાઇન સેફટીના મુદ્દાને લઈ શેરી નાટકના માધ્યમથી શાળાઓ તથા વિસ્તારોમાં કરવામાં આવી હતી. સંસ્થાના કાર્યકરો સાથે ઓનલાઇન સેફટીના મુદ્દાઓની ચર્ચા કર્યા પછી સ્ક્રીપ્ટ વિકસાવી સૌને શેરી નાટકની તાલીમ આપવામાં આવી હતી. સમગ્ર સપ્તાહ દરમ્યાન ભાવનગર શહેરની ૩૦ શાળાઓ તથા ૧૫ વિસ્તારો મળીને કુલ ૧૧,૯૪૪ બાળકો તથા શિક્ષકો વાલીઓ મળીને કુલ ૧,૮૮૫ મોટેરાઓ સાથે મોબાઇલનું વળગણ, બાળ સુરક્ષાના પ્રશ્નો, ટેક્નોલોજી અને તેનો પ્રભાવ, માનવીના વ્યવહારો વિગેરે બાબતોને શેરી નાટકમાં વણી લેવામાં આવ્યા હતા.

વર્ષ દરમ્યાન મેડિકલ, શેલ્ટર, ગુમ થયેલ બાળકો, બાળકો પર થતા અત્યાચાર જેવા અનેક બાબતોના કેસ આઉટ રીચ તથા ફોન દ્વારા આવ્યા હતા અને તેના નિરાકરણનો સુંદર પ્રયત્નો ટીમ દ્વારા બાળ કલ્યાણ સમિતિ તથા જિલ્લા બાળ સુરક્ષા એકમના સહયોગથી કરવામાં આવ્યા હતા.

### સ્ટ્રીટચીલ્ડ્રન સર્વે

આજે પણ આપણે ત્યાં એવા કેટલાય કુટુંબો છે, જેમની પાસે આ દેશની નાગરિક્તાની કોઈ ઓળખ નથી ! આજે પણ તેઓને શહેરની બહાર કે ગામની બહાર રહેવા માટે મજબૂર થવું પડે છે. ભાવનગરના જવાહર મેદાન તથા અન્ય વિસ્તારોમાં રહેતા કુટુંબોનો સર્વે જિલ્લા બાળ સુરક્ષા એકમ અને ચાઇલ્ડ લાઇનની ટીમના સહયોગથી કરવામાં આવ્યો હતો.આ કુટુંબોને જરૂરી દસ્તાવેજો, આધારકાર્ડ, રેશનકાર્ડ, જન્મ તારીખના દાખલા, શાળામાં એડમિશન વગેરે જેવા લાભો મળી રહે તે માટે સરકારે વિશેષ રસ લેતા આ સર્વે કરવામાં આવ્યો હતો અને તેના પરિણામે ૧૦૦ બાળકોની ઓળખ કરવામાં આવી હતી. આ બાળકો, કુટુંબોને સરકારની યોજનાઓનો લાભ મળે તે ઉપરાંત આધારકાર્ડ, જન્મ તારીખના દાખલા, રેશન કાર્ડ, શાળામાં એડમિશન કે સ્ટેપવર્ગનો લાભ મળ્યો હતો.

૧૦૦ બાળકોની નોંધણી જિલ્લા બાલ સુરક્ષા એકમ દ્વારા કરવામાં આવી, તેમાંથી ૩૬ બાળકોને જન્મના દાખલા તથા શાળામાં દાખલ કરવામાં આવ્યા, ૪૫ના આધાર કાર્ડ બનાવ્યાં, ૨૧ બાળકોને આગણવાડીમાં દાખલ કરાવ્યા, જ્યારે ૩૮ બાળકોના જન્મ તારીખના દાખલા મેળવવા માટે મામલતદાર શ્રી ની મદદથી કાયદાકીય પ્રક્રિયા હાથ ધરી છે। આ કાર્યમાં કલેકટરશ્રીના નેતૃત્વ હેઠળ વિવિધ સરકારી વિભાગોની મદદ મળી રહી છે.

શૈશવ

## કેટલાક કેસ

૧. પાંચેક વર્ષનો બાળક કાકા સાથે રહેતો હતો. કાકાએ ઘરમાંથી કાઢી મૂક્યો હતો પડોશીઓ સાર સંભાળ રાખે છે તેવી માહિતી મળતા ટીમના સભ્યો પહોંચ્યા. બાળકના માતા પિતા મૃત્યુ પામ્યા છે. બાળકને કાકા પાસે જવું ન હતું. પડોશીઓ કાળજી રાખે પણ તેઓને કાયદાકીય પ્રક્રિયા સમજાવવામાં આવી અને પછી જિલ્લા બાલ કલ્યાણ સમિતિ તથા બાળ સુરક્ષા એકમની મદદ લેવામાં આવી. બાળકનું મેડિકલ ચેક અપ કરાવવામાં આવ્યું, રિપોર્ટ આવે તે દરમ્યાન સ્થાનિક હોમમાં મૂકવામાં આવ્યો. રિપોર્ટ એચ આઇ વી પોઝીટીવ આવતાં બાળકને ગાંધીનગર ચિલ્ડ્રન હોમમાં મોકલવામાં આવ્યો. હાલમાં બાળક ત્યાં સુરક્ષિત છે.

૨. રોજીરોટીની શોધમાં પરિવારે કેવા જોખમો વચ્ચે જીવવું પડે ! શહેરના એક મેદાનમાં રોડ પાસે ખુલ્લામાં પતિ પત્ની અને ૪ બાળકો રહે. પત્ની માનસિક રીતે બીમાર ! બાળકોની કાળજી લઇ ના શકે.....એ ભાઈને કામ મળે – પૈસા મળે તો બધા જમવા પામે ! બાળકો રોડ પર ફરે..... તેમાં દીકરીઓ.... આમ તો બધા નાના ! માહિતી મળતાં ટીમના સભ્યો પહોચ્યા.... વિગતો મેળવી. કુટુંબ ઉત્તરપ્રદેશથી આવેલ, બાળકો સાથે પરિચય સાધ્યો.... ભણવાની વાત કરી. સુરક્ષાની વાત સમજાવી.... પિતાને સમજાવ્યાં... છેવટે તૈયાર થતાં બાળકોના મેડિકલ ટેસ્ટ કરાવી જીલ્લા બાળ કલ્યાણ સમિતિની મદદથી તેઓને હોમમાં દાખલ કરાવ્યા... તેઓને ત્યાં ગમે છે હવે શાળા તથા આંગણવાડીમાં પણ જાય છે ! આમ રસ્તે રઝળતા બાળપણની સાથે કઇક અઘટિત બને તે અગાઉ તેઓને સુરક્ષિત વ્યવસ્થામાં આશરો મળી ગયો ! કઈક કર્યાનો સંતોષ મળે ! આવા તો કઈ કેટલાય કેસ આવે પણ બાળકનું હીત પહેલું જોવામાં આવે !

## આંકડાકીય માહિતી

| ક્રમ | કેટેગરી | કુલ | બાળકોની સંખ્યા | પુખ્તોની સંખ્યા | કૂલ |
|---|---|---|---|---|---|
| ૧ | શાળા | ૮૮ | ૩૪૩૦૯ | ૧૦૬૧ | ૩૫૩૭૦ |
| ૨ | કૉલેજ | ૨ | ૭૫૦ | ૨૬ | ૭૭૬ |
| ૩ | આંગણવાડી | ૧૬૫ | ૩૮૦૭ | ૩૨૫ | ૪૧૩૨ |
| ૪ | હોસ્ટેલ | ૭ | ૩૮૩ | ૪૨ | ૪૨૫ |
| ૫ | ઓપન હાઉસ | ૩૮ | ૧૩૨૭ | ૩૯૬ | ૧૭૨૩ |
| ૬ | આરોગ્ય કેન્દ્ર | ૧૬ | ૧૩૬ | ૨૪૮ | ૩૮૪ |
| ૭ | આઉટ રિચ | ૧૭૯૭ | ૨૨૧૫૫ | ૩૨૭૦૧ | ૫૪૮૫૬ |
| ૮ | ચાઇલ્ડ લાઇન સે દોસ્તી વિક | ૩૦ સ્કૂલ<br>૧૫ વિસ્તાર | ૧૧૯૪૪ | ૧૮૮૫ | ૧૩૮૨૯ |
| | કુલ | | ૭૪૮૧૧ | ૩૬૬૮૪ | ૧૧૧૪૯૫ |

| ક્રમ | કેટેગરી | ૧૦૯૮ ફોન દ્વારા | આઉટ રિચ દ્વારા | કૂલ |
|---|---|---|---|---|
| ૧ | મેડિકલ | ૦ | ૨ | ૨ |
| ૨ | શેલ્ટર | ૧૧ | ૨૫ | ૩૬ |
| ૩ | શોષણ સામે રક્ષણ | ૧૫ | ૦ | ૧૫ |
| ૪ | બાળભિક્ષુક | ૩ | ૯ | ૧૨ |
| ૫ | બાળમજુરી | ૧૧ | ૨૭ | ૩૮ |
| ૬ | બાળ લગ્ન | ૭ | ૧ | ૮ |
| ૭ | જાતીય સતામણી | ૧૪ | ૮ | ૨૨ |
| ૮ | સ્પોન્સરશીપ | ૧ | ૦ | ૧ |
| ૯ | ગુમ થયેલ / શોધેલ બાળકો | ૧૭ | ૩ | ૨૦ |
| ૧૦ | અન્ય | ૨૨ | ૪૪ | ૬૬ |
| ૧૧ | સરકારી સહાય | ૧૮ | ૩૩ | ૫૧ |
| ૧૨ | કાઉન્સેલિંગ | ૧૭ | ૨૮ | ૪૫ |
| | કુલ | ૧૩૬ | ૧૮૦ | ૩૧૬ |

શૈશવ

## આરણ્યક કાર્યક્રમ

શૈશવ દ્વારા ગામડાના આદીવાસી બાળકો સાથે શિક્ષણ કેળવણીનું કાર્ય કરવાના હેતુ થી આરણ્યક કાર્યક્રમ ની શરૂઆત ડિસેમ્બર -૨૦૧૮ થી નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાનાં ૬ ગામોથી કરવામાં આવી હતી. આજે સેજપુર અને સામરપાડાગ્રૂપ ગ્રામ પંચાયત હેઠળના ૧૪ ગામોમાં વિસ્તરી છે.

અહિયાં આ કાર્યક્રમ ત્રિવિધ સ્તરે કાર્યરત છે.આ ૧૪ ગામોમાં બાળમૈત્રીપૂર્ણ ગામ તરીકેની વિભાવના સાથે વિકસીત કરવા માટેનું કાર્ય થઇ રહ્યું છે તો સાથોસાથ ત્રણ ગામને આવરી લઇ બે વનશાળા કાર્યરત છે, ૧૬ આંગણવાડીમાં કાર્ય શરૂ કર્યું છે . આ ઉપરાંત ૯ આશ્રમશાળાઓ તથા ૨ શાળાઓમાં કાર્ય કરવામાં આવી રહ્યું છે, જેની વધુ વિગતો અહિયાં આપી છે. આમ કુલ ૨૪૬૬ બાળકો સાથે કાર્ય ચાલી રહયું છે

## બાલમૈત્રીપૂર્ણ ગામ કાર્યક્રમ

આ કાર્યક્રમ અંગેની સમજણ એવી છે કે બાળક માતાના ગર્ભમાં હોય ત્યાથી ૧૮ વર્ષનો થાય તે દરમ્યાન તેને મળવા જોઈતા હક –લાભ નિયમિત રીતે મળતા થાય, એટલે કે વેકસિનેશન થાય, આંગણવાડી માં દાખલ થાય ટકી રહે તે જ રીતે શાળામાં દાખલ થાય - ટકી રહે અને ૧૮ વર્ષ સુધીનું શિક્ષણ મળવે તે માટે તેનું ટ્રેકિંગ થાય, બાળક મજૂરીમાં ન જતું રહે કે બાળલગ્ન ન થાય કે કુટુંબો સ્થળાંતર કરે ત્યારે પણ બાળકને મળવી જોઈતી શિક્ષણની વ્યવસ્થા વગેરે મળી રહે તે જરૂરી છે

આ ઉપરાંત દરેક બાળક ની કાળજી અને સુરક્ષા સતત થાય તે માટે દરેક તંત્રના જવાબદાર વ્યક્તિઓ સક્રિય પણે બાળકના હિતમાં અગ્રેસર થાય તે પણ જરૂરી છે.

આ સમજણ સાથે ગામમાં શાળા સમય પહેલાં અને પછી શાળામાં આંગણવાડીમાં કાર્ય કરવામાં આવી રહ્યું છે. ગામમાં બાળકોની સુરક્ષા અર્થે બાલ સુરક્ષા સમિતિની રચના કરવામાં આવી છે.

આ કાર્યક્રમ હેઠળ ૧૪ ગામના ૬ થી ૧૪ વર્ષની વયના ૩૬૪ છોકરાઓ તથા ૩૫૩ છોકરીઓ મળીને કુલ ૭૧૭ બાળકોને આવરી લેવામાં આવ્યા છે આ બાળકો સાથે અનુભવ આધારિત પ્રવુતિઓ દ્વારા જીવન કૌશલ્યો જેવા કે નેતૃત્વ, જવાબદેહીતા, સર્જનાત્મકતા, અભિવ્યક્તિ, સમસ્યાનો ઉકેલ જેવા મુદ્દાઓથી લઇને કિશોરાવસ્થામાં થતાં સામાજિક – માનસીક અને ભાવનાત્મક ફેરફારો ને લઈને કિશોરાવસ્થા અને વિકાસ માટેની અનેકવિધ પ્રવુતિઓ જેવી પ્રવૃતિઓ નિયમિત કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત આર્ટ અને ક્રાફ્ટથી માંડીને શૈક્ષણિક મુદાઓ આધારિત પ્રવુતિઓ જે શીખવામાં આનદ આવે તેવી પદ્ધતિથી કરાવવામાં આવે છે. આ ઉપરાંત શિક્ષક દિવસ, આઝાદી દિન, પોષણ સપ્તાહ, નદી દીવસ તથા દિવાળી, રક્ષાબંધન, હોળી જેવા ઉત્સવોની ઉજવણી કરવામાં આવી હતી. આદીવાસી ગીતો ને સમજવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

બાળકોએ ઘરગથ્થું વપરાશની વસ્તુઓ, કૌટુંબિક સંબંધો, વનસ્પતિ અને ઓષધીય છોડ વગેરેને આદિવાસી ભાષામાં બોલાતા શબ્દો અને ગુજરાતી ભાષામાં વપરાતા શબ્દોની ડિક્ષનરી બનાવી હતી !

**એક દીવસની શિબિરો :**
આ ૧૪ ગામના સીનીયર બાળકો સાથે ભાવનાત્મક બાબતો અંગે કમ્યૂનિકેશન અંગે નેતૃત્વ અને ટીમ બિલ્ડીંગ વિષે એક દીવસની કુલ ૩૭ શિબિરો યોજી હતી જેમાં ૩૨૯ છોકરા તથા ૩૩૧ છોકરીઓ મળીને ૬૬૦ બાળકોએ ભાગ લીધો હતો.

**બાલ –અધિકારો ની તાલીમ**

૧૯ સત્રના આયોજન દ્વારા ૪૩૭ બાળકોના અધિકાર અંગેની સમજ પ્રવૃતિ–રમત દ્વારા આપવામાં આવી હતી.

**વેકેશનશિબિર**

ગત વર્ષની જેમ આ વર્ષે ઉનાળામાં વેકેશન શિબિરનું આયોજન ૧૪ ગામોમાં કરવામાં આવ્યું હતું. "રમતા રમતા ભણીએ– ભણતા ભણતા રમીએ" સૂત્રને ધ્યાનમાં રાખી અનેકવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

બાળકોએ પોતાના ગામનો નકશો બનાવી, ગામના માઇલ સ્ટોન દર્શાવ્યા હતાં, જેમાં નિશાળ, ગ્રામ પંચાયત, રેશનની દુકાન, દવાખાના, કે સ્ટ્રીટ લાઇટ –હેન્ડ પંપ જેવુ ઘણું બધું ! એમાંથી કઈ સેવાઓ મળે છે – અંતરાય છે તે અંગે પણ ચર્ચા કરી આ અંગે તંત્ર સાથે રજુઆત કરવાનું આયોજન કર્યું હતું.

આ ઉપરાંત ગામનો ખજાનો – શોધ યાત્રા જેમાં ગામની એવી બુઝુર્ગ વ્યક્તિઓને શોધવાની કે જેમની પાસે ઔષધીઓ અંગે, પરંપરાગત વાનગીઓ, સંસ્કૃતિ વિશેની જાણકારી હોય ! તેમને મળી તે અંગેનું ડોકયુમેન્ટેશન કરવાનું કાર્ય બાળકોએ કર્યું હતું.

શૈશવ

વેકેશન શિબિરમાં વિવિધ જીવન કૌશલ્યોની પ્રવૃતિઓ, રમતો રમતાં વિજ્ઞાન, વિવિધ મોડેલોને તૈયાર કરી ભૂગોળ વિષે તેમજ આર્ટ – ક્રાફ્ટની પ્રવૃતિઓ કરી હતી.

**નેતૃત્વ તાલીમ નિવાસી શિબિર**

આ વર્ષે પણ દિવાળીનાવેકેશન દરમ્યાન બે/ચાર બાળ નેતૃત્વ તાલીમ નિવાસી શિબિર યોજાઈ હતી. જેમાં ૧૪ ગામમાંથી ૩૦૬ સીનીયર બાળકોએ ભાગ લીધો હતો.

આ શિબિરમાં બાળ અધિકાર નેતૃત્વ અને સંગઠન, મિત્રતા અને હકારાત્મક અભિગમ અંગેના મુદ્દાઓને વિવિધ અનુભવ આધારિત પ્રવૃતિઓના માધ્યમથી કરાવવામાં આવ્યા હતાં.

આ શિબિરમાં ભાવનગરના બાલસેનાના બાળકોએ ભાગ લઈ બાલસેનાના અનુભવો પ્રવૃતિઓ વિશેની વાતો કરી સૌને પ્રોત્સાહિત કર્યા હતાં.

આરણ્યક કાર્યક્રમના બાળકોએ ઉપરોક્ત મુખ્ય પ્રવૃતિઓ ઉપરાંત બાલ અધિકાર સમૂહ પ્રેરિત ગુજરાત બાલ મંચની અમદાવાદમાં યોજાયેલ શિબિરમાં ૪ બાળકોએ પ્રતિનિધિત્વ કર્યું હતું.

ડિસેમ્બર ૨૨માં ભાવનગરમાં બાલસેનાના ૨૦ વર્ષ પૂર્ણ થતા યોજાયેલ વાર્ષિક વાર્ષિક કાર્યક્રમ તથા ગુજરાત બાલ મંચ શિબિરમાં આરણ્યક કાર્યક્રમના ૨૨ બાળકોએ ભાગ લીધો હતો.

બાલસેના દ્વારા ભાવનગર પાસે માઈધરમાં ઉનાળુ વેકેશન દરમ્યાન યોજાયેલ કેમ્પમાં પણ આ ગામોના ૮ બાળકોએ ભાગ લીધો હતો.

બાળકોમાં વન ભોજન કાર્યક્રમ સવિશેષ પ્રિય રહ્યો છે। બાળકો સવારથી સાંજ પ્રકૃતિના સાનિધ્યમાં રમતા આનંદ કરતાં ગાળે, ભોજન બનાવવાની પ્રક્રિયામાં છોકરા-છોકરીઓ બધા સાથે જોડાય અને જેન્ડરના ભેદને ભાંગે ! સાથે મળીને ભોજન બનાવે અને સાથે જમે ! આ વર્ષે વન ભોજનના ૭ કાર્યક્રમ જેમાં બાળકો સ્વયં ભોજન તૈયાર કરે જ્યારે ૧૪ સમૂહ ભોજન કર્યા હતા જેમાં બાળકો ઘરેથી ટીફીન લઈને આવી સાથે જમતા હોય છે !

**બાળ અધિકાર સુરક્ષા સમિતિ**

બાળકો પ્રતિ સંવેદનશીલ અને બાળકોના પ્રશ્નોમાં રસ લેતા લોકોમાંથી તથા બાળકોમાંથી, યુવાનોમાંથી કેટલાક પ્રતિનિધિઓનું બનેલું આ માળખું છે. અહિયાં બાળકોને મદદ થઈ શકે તેવા મુદ્દાઓની ચર્ચા અને એક્શન પ્લાન કરવામાં આવે છે. આ વર્ષે ૧૩ ગામ વચ્ચે કૂલ ૪૮ મીટીંગ થઈ હતી. આ મીટીંગમાં ૧૫૪ જેટલા મોટાઓ તથા બાળકોએ ભાગ લીધો હતો. આમ બાળકોના મુદ્દાઓમાં ગામ લોકો રસ લેતા થયા છે.

**બાળ અધિકાર સપ્તાહ**

૧૪ થી ૨૦ નવેમ્બર ૨૨ દરમ્યાન બાળ અધિકાર સપ્તાહ ઉજવવામાં આવ્યું હતું, જેમાં ઓનલાઈન સેફ્ટી, સાઇબર સીક્યુરિટી, સોશ્યલ મિડિયાનું વળગણ જેવા મુદ્દાઓની જાગૃતિ માટે શેરીનાટક ભજવવામાં આવ્યા હતાં. શાળાઓમાં શિક્ષકો દ્વારા આ પ્રવૃતિ માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. કૂલ ૬૬૦ બાળકો જોડાયા હતાં.

**બાલ મૈત્રીપૂર્ણ ગામ કાર્યક્રમ** - આંકડાકીય માહિતી

| ક્રમ | વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરો | છોકરી | કૂલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૬ થી ૧૪ વર્ષના કૂલ બાળકો - ૧૪ ગામ | | ૩૬૪ | ૩૫૩ | ૭૧૭ |
| ૨ | ટેબલેટ દ્વારા શિક્ષણિક એક દિવસ ની શિબિરો | ૩૯ | ૩૨૯ | ૩૩૧ | ૬૬૦ |
| ૩ | બાલ અધિકાર તાલીમ | ૧૯ | ૨૩૪ | ૨૦૫ | ૪૩૯ |
| ૪ | વેકેશન શિબિર | ૧ | ૩૬૪ | ૩૫૩ | ૭૧૭ |
| ૫ | નિવાસી શિબિર | ૩ | ૧૫૧ | ૧૫૩ | ૩૦૪ |
| ૬ | રાજ્ય સ્તરે પ્રતિનિધિત્વગુજરાત બાલ મંચ | ૨ | ૧૩ | ૧૩ | ૨૬ |
| ૭ | ભાવનગર કાર્યક્રમ માં પ્રતિનિધિત્વ | ૨ | ૧૫ | ૧૫ | ૩૦ |
| ૮ | વનભોજન<br>સમૂહભોજન | ૭<br>૧૪ | ૮૩<br>૨૦૪ | ૬૨<br>૨૧૦ | ૧૪૫<br>૪૧૪ |
| ૯ | બાલ અધિકાર સુરક્ષા સમિતિ મિટિંગ | ૪૮ | | | ૧૫૪ |
| ૧૦ | બાલ અધિકાર સપ્તાહ (શાળા/આશ્રમશાળા) | | ૩૫૯ | ૩૦૧ | ૬૬૦ |

શૈશવ

## વનશાળા

જેમ વન પોતે પોતાની જાતે ઊગે છે – વિસ્તરે છે – વિકસે છે તેવી જ રીતે અહિયાં બાળક પોતે જાતે નક્કી કરે છે કે શું શીખવું છે – કેવી રીતે શીખવું છે. આ માટેનું મુક્ત વાતાવરણ પૂરું પાડતી જગ્યા એટલે વનશાળા. બાળકોને પોતાની ગમતી જગ્યા જયાં મન મૂકીને બાળપણ માણી શકાય.

વનશાળાનું આમ તો ગામમાં કોઈ ચોક્કસ સ્થળ નથી. આખુંય ગામ વનશાળા !

હાલમાં સામરપાડા અને પોમલાપાડા બે ગામોમાં લગભગ ૨૦૯ બાળકો આ પ્રવૃતિ સાથે જોડાયેલા છે, તેઓની સાથે દર અઠવાડિયે ૪ દિવસ નિયમિત પ્રવૃતિ નાના અને મોટા બાળકોના અલગ વયજુથ પ્રમાણે કરવામાં આવે છે, આમ સમગ્ર વર્ષ દરમ્યાન લગભગ ૩૨૦ પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી.

દર મહિને બાળકો મીટીંગ કરી નક્કી કરે છે કે આ મહિનામાં શું શીખવું છે, કેવા કેવા મુદ્દાઓ–પ્રવૃતિઓ કરીશું તેનું આયોજન કરી સંસ્થાના કાર્યકારને આપે છે.

ઉનાળાના વેકેશન દરમ્યાન બાળકોએ અલગ અલગ પ્રોજેક્ટ કર્યા, જેમ કે કેટલાક બાળકોએ પરંપરાગત વાનગીઓ અને રેસિપી પર કામ કર્યું તો કેટલાકે ઔષધિય વનસ્પતિઓ શોધવી – ઓળખવી – ગુણધર્મ જાણવાનું કાર્ય કર્યું, તો વળી અન્ય બાળકોએ પરંપરાગત નૃત્ય અને ગીતો પર કાર્ય કર્યું. આ બધું અલગ અલગ રીતે ડોકયુમેન્ટ પણ કરવામાં આવ્યું કેટલાક બાળકોએ વીડિઓ પણ બનાવ્યાં !

આ ઉપરાંત વિવિધ વિષય પર બાળમેળા યોજવામાં આવ્યા, પુસ્તક પ્રવૃતિઓ, બાલ સમિતિ મીટીંગ, રમતગમત, વાલી મીટીંગ વગેરે યોજવામાં આવ્યા હતાં.

અહિયાં બાળકો સાથે સર્જનાત્મકતા, કમ્યુનિકેશન, નેતૃત્વ, ટીમ બિલ્ડિંગ, પ્રોબ્લેમ સોલ્વીંગ જેમાં જીવન કૌશલ્યોને અનુભવ આધારિત પ્રવૃતિઓ દ્વારા શીખવવામાં આવ્યા હતાં. જ્યારે અનેકવિધ શૈક્ષણિક મુદ્દાઓ જાતે કરતાં કરતાં શીખે તે રીતે નિયમિત કરાવવામાં આવ્યા હતાં.

**આંગણવાડી**

આ વર્ષે ઓગસ્ટ ૨૦૨૨ થી ૧૪ ગામની ૧૬ આંગણવાડીમાં પણ બાળકોને પ્રવૃતિઓ અને રમતોના માધ્યમથી શિક્ષણ મળે તેવા હેતુથી કાર્યની શરૂઆત કરવામાં આવી હતી.

બાળકો સાથે નિયમિત યોજાતી પ્રવૃતિઓને કારણે તેઓનામાં ફેરફાર જોવા મળી રહ્યા છે બાળકો પોતાની વાત આત્મવિશ્વાસથી રજુ કરતા થયા છે ! પ્રવૃતિઓમાં ઉત્સાહથી ભાગ લેતા થાય છે, સહભાગી પણું વધ્યું છે ! આંગણવાડી કાર્યકર બહેનોનો પણ સુંદર સહયોગ મળી રહ્યો છે.

ટીમના સભ્યોએ પણ નાના બાળકો સાથે કાર્ય કરવા માટે વિશેષ વાર્તા – ગીતો – રમતો શીખવાનું કર્યું છે. આ પ્રવૃતિમાં લગભગ ૨૦૦ ઉપરાંત બાળકોને આવરી લેવામાં આવ્યા છે. આ ૧૬ આંગણવાડીમાં થઈને કુલ વીઝીટ ૩૨૦ થઈ હતી, જ્યારે ૯૬૦ સત્ર આયોજિત થયા હતા.

### વનશાળા - આંકડાકીય માહિતી

| ક્રમ | વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | વેકેશન શિબિર | ૧ | ૧૦૧ | ૧૦૯ | ૨૧૦ |
| ૨ | રમત – ગમત | ૪૮ | ૧૦૧ | ૧૦૮ | ૨૦૭ |
| ૩ | તરુણાવસ્થા કાર્યક્રમ કિશોરો માટે<br>તરુણાવસ્થા કાર્યક્રમ કિશોરી માટે | ૨૦<br>૨૦ | ૪૨ | ૫૮ | ૪૨<br>૫૮ |
| ૪ | બાલ /સમિતિ આયોજન | ૧૨ | ૧૦૧ | ૧૦૭ | ૨૦૮ |
| ૫ | પુસ્તકાલય પ્રવૂતિ | ૪૮ | ૯૮ | ૧૦૬ | ૨૦૪ |
| ૬ | બાળમેળો | ૮ | ૧૦૧ | ૧૦૯ | ૨૧૦ |
| ૭ | આંગણવાડી પ્રવૃતિ (૧૬) | | ૯૧ | ૧૧૭ | ૨૦૮ |

## આશ્રમ શાળા

દુર્ગમ અને અતિ દૂરના વિસ્તારના બાળકો શિક્ષણ લેતા થાય, વાળી સાથે રોજીરોટીની શોધમાં સ્થળાંતર ન કરે તેમજ જેના વાલી નથી તેવા અનાથ કે સિંગલ પેરન્ટ્સના બાળકો માટે આદિજાતિ વિભાગ દ્વારા ચાલતી આશ્રમ શાળા મહત્વનો ઉપક્રમ છે.

ડેડિયાપાડા બ્લોકની આશ્રમ શાળાના બાળકોની સાથે આપણે ૨૦૧૯ થી આ વિસ્તારમાં કામ શરૂ કર્યું ત્યારથી પ્રવૃતિઓ કરી રહ્યા છીએ. આ સમગ્ર પ્રવૃતિ આશ્રમ શાળાના આચાર્ય શ્રી, શિક્ષકો, ગૃહપતિ – ગૃહમાતાઓના ઉમદા સહયોગથી ચાલી રહી છે.

હાલમાં ૯ ગામની ૧૧ આશ્રમશાળાના ૧૫૪૧ બાળકો સાથે કાર્ય ચાલી રહ્યું છે.

આશ્રમ શાળામાં યોજાતી પ્રવૃતિઓમાં મુખ્ય ઝોક તરુણાવસ્થા દરમ્યાન થતા શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો અને સુરક્ષા અંગેના જીવન કૌશલ્યો અંગે છે.

અમે આ મુદ્દે વૈજ્ઞાનિક માહિતિ પ્રવૃતિઓના માધ્યમથી આપી રહ્યા છીએ. કિશોરીઓ સાથે વિશેષ કરીને સ્વરક્ષણ અંગેની વેનલીડોની તાલીમ પણ આપવામાં આવી રહી છે.

### બાળમેળા

ધો ૧ થી ૫ ના નાના બાળકો સાથે અલગ અલગ વિષયના બાળમેળામાં ૩૯૯ બાળકોએ ભાગ લીધો હતો.

### લીડરશીપ કેમ્પ

ધો. ૬-૭-૮ ના મોટા બાળકો સાથે ટીમ બિલ્ડિંગ, સહકાર, નેતૃત્વ, જવાબદારી જેવા મુદ્દાઓને લઈને અનુભવ આધારિત પ્રવૃતિઓના માધ્યમથી ૧ દિવસના ૧૦ લીડરશીપ કેમ્પ યોજવામાં આવ્યા હતા, જેમાં કૂલ ૫૧૦ બાળકો જોડાયા હતા.

આ ઉપરાંત ઇતિહાસ, ભૂગોળ, પર્યાવરણ, બાળઅધિકાર જેવા મુદ્દાઓના ૨૯ પ્રદર્શન ગોઠવવામાં આવ્યા હતા. બાળકો સાથે બાલ અધિકારની તાલીમ તથા પધ્ધતિના ૧૧ સત્ર યોજવામાં આવ્યા હતા.

કિશોર - કિશોરી મેળાના માદયમથી તરુણાવસ્થામાં થતા શારીરિક, માનસિક અને ભાવનાત્મક ફેરફારો અંગે સુરક્ષા અંગે આશ્રમ શાળામાં ૧૦ કિશોર મેળા તથા ૧૧ કિશોરી મેળા યોજાયા હતા. જેમાં ૮૮૮ બાળકોએ ભાગ લીધો હતો.

| ક્રમ | વિગત | કાર્યક્રમની સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૧ આશ્રમ શાળા /૯ ગામ | ૧૭૫ વીઝીટ | ૭૩૪ | ૮૦૭ | ૧૫૪૧ |
| ૨ | બાળમેળો<br>ધો ૧ થી ૫<br>ધો ૫ થી ૮ | <br>૮<br>૧૧ | <br>૨૦૮<br>૪૨૮ | <br>૧૯૧<br>૫૧૭ | <br>૩૯૯<br>૯૪૫ |
| ૩ | તાલીમ શિબિર | ૧૨ | ૨૪૬ | ૨૬૪ | ૫૧૦ |
| ૪ | પ્રદર્શન | ૨૯ | ૪૦૯ | ૪૮૫ | ૮૯૪ |
| ૫ | કિશોરમેળા<br>કિશોરી મેળા | ૧૦<br>૧૧ | ૪૧૧ | <br>૪૭૭ | ૪૧૧<br>૪૭૭ |
| ૬ | બાળ અધિકાર સપ્તાહ<br>બાળકો<br>પુખ્તો | <br>૧ | <br>૭૩૪ | <br>૮૦૭ | <br>૧૫૪૧<br>૯૬ |
| ૭ | બાળ અધિકાર તાલીમ | ૨૨ | ૪૨૨ | ૪૯૬ | ૯૧૮ |
| ૮ | ફિલ્મ શો | ૩૧ | ૫૩૯ | ૫૭૩ | ૧૧૧૨ |
| ૯ | પુસ્તકાલય | ૧૪ | | | ૧૧૨૩ |
| ૧૦ | વ્યક્તિગત સ્વચ્છતા | ૮ | | | ૧૧૨૩ |
| ૧૧ | પિયરગ્રુપ ની રચના | ૧૧ | ૭૩૪ | ૮૦૭ | ૧૫૪૧ |
| ૧૨ | કિશોરીઓ માટે સ્વરક્ષણ વેનલીડો કાર્યક્રમ | ૮ | | ૧૭૮ | ૧૭૮ |
| ૧૩ | પ્રદર્શન | | | | ૧૧૨૦ |

આરણ્યક કાર્યક્રમ હેઠળ આવરી લેવાયેલ કૂલ બાળકોની સંખ્યા

| ક્રમ | વિગત | સંખ્યા | છોકરા | છોકરી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | આશ્રમ શાળા | ૧૧ | ૭૩૪ | ૮૦૭ | ૧૫૪૧ |
| ૨ | ગામ / શાળાઓ | ૧૧ | ૨૬૩ | ૨૪૫ | ૫૦૮ |
| ૩ | વનશાળા | ૨ | ૧૦૧ | ૧૦૮ | ૨૦૯ |
| ૪ | આંગણવાડી | ૧૬ | ૯૧ | ૧૧૭ | ૨૦૮ |
| | કુલ | | ૧૧૮૯ | ૧૨૭૭ | ૨૪૬૬ |

શૈશવ

# વર્ષ૨૦૨૨-૨૩માં મળેલી દાનની યાદી

| ક્રમ નં | નામ | એડ્રેસ | રકમ |
|---|---|---|---|
| ૧ | દેસાઇ ફેમિલી ફાઉંડેશન | વડોદરા | ૨૫૧૦૦૦ |
| ૨ | સુભાષભાઇ આર શાહ | મુંબઈ | ૨૦૦૦૦૦ |
| ૩ | લીલાવતી આર શાહ મેડિકલ રીલીફ ટ્રસ્ટ | મુંબઈ | ૨૦૦૦૦૦ |
| ૪ | શ્રી નાનાલાલ ભવાનભાઇ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ | ભાવનગર | ૨૦૦૦૦૦ |
| ૫ | જયાબેન એન્ડ જયંતિલાલ મોદી ફાઉન્ડેશન | મુંબઈ | ૨૦૦૦૦૦ |
| ૬ | મહેન્દ્ર જસવંતલાલ પારેખ ચેરિટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૫૦૦૦૦ |
| ૭ | ડૉ. ઉત્કર્ષ શાહ | ડાકોર | ૨૨૦૦૨ |
| ૮ | ડૉ. ધીરેનભાઈ જી ગંજવાલા | અમદાવાદ | ૨૦૦૦૦ |
| ૯ | રેખાબેન પંકજભાઈ શાહ | મુંબઈ | ૧૧૦૦૦ |
| ૧૦ | નૈતિકભાઈ આર દૂધરેજિયા | ભાવનગર | ૧૧૦૦૦ |
| ૧૧ | ભાવનાબેન ગાંધી | ભાવનગર | ૧૧૦૦૦ |
| ૧૨ | ફોરમ પાર્થકુમાર શેઠ | વડોદરા | ૧૧૦૦૦ |
| ૧૩ | મનોજભાઇ ડી આનંદપરા | અંકલેશ્વર | ૧૧૦૦૦ |

| ક્રમ નં | નામ | એડ્રેસ | રકમ |
|---|---|---|---|
| ૧૪ | સુમિટોમો કેમિકલ ઈન્ડિયા લીમીટેડ | ભાવનગર | ૧૦૦૦૦ |
| ૧૫ | રામચંદ્રભાઈ પંચોલી | ભાવનગર | ૧૦૦૦૦ |
| ૧૬ | રાધિકાબેન એચ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ | વડોદરા | ૧૦૦૦૦ |
| ૧૭ | માનવ જ્યોત ટ્રસ્ટ | મુંબઈ | ૫૦૦૦ |
| ૧૮ | ડૉ. ભરતભાઇ એન પંચાલ | અમદાવાદ | ૫૦૦૦ |
| ૧૯ | ફલક બિમલભાઇ શેઠ | વડોદરા | ૫૦૦૦ |
| ૨૦ | ડૉ. ભરતભાઇ એમ શાહ | અમદાવાદ | ૫૦૦૦ |
| ૨૧ | શિલ્પા જે મહેતા ફાઉન્ડેશન | મુંબઈ | ૫૦૦૦ |
| ૨૨ | હરસુખ બી મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ | મુંબઈ | ૫૦૦૦ |
| ૨૩ | યગ્નેશકુમાર એ પટેલ | ગોધરા | ૫૦૦૦ |
| ૨૪ | સુધા પાર્થ સારથી | ન્યુ દિલ્હી | ૩૦૦૦ |
| ૨૫ | જશવંતલાલ આર પારેખ | અમદાવાદ | ૨૦૦૦ |
| ૨૬ | સાધના આર શાહ | અમદાવાદ | ૨૦૦૦ |
| ૨૭ | સારિકા પ્રવીણ વાંનખેડે | અમરાવતી | ૯૦૦ |

# વિદેશમાંથી મળેલી દાનની યાદી

| ક્રમ નં | નામ | એડ્રેસ | રકમ |
|---|---|---|---|
| ૧ | ઈન્ડિયા ડેવલપમેંટ સર્વિસ | યુએસએ | ૧૫૧૦૧૩૮ |
| ૨ | વિલેજ અપલીફ્ટ | યુએસએ | ૧૨૨૫૮૧ |
| ૩ | એનિકા વેટલસન | નોર્વે | ૫૮૪૯૩ |
| ૪ | એમ સી સાચી વર્લ્ડ સર્વિસ | યુએસએ | ૧૯૮૮૭ |

શૈશવ

reasonably be thought to bear on our independence, and where applicable, related safeguards

**Report on Other Legal and Regulatory Requirements**

Further to our this report, we report that the accounts are maintained regularly and in accordance with the provisions of the Act and the Rules;

a) receipts and disbursements are properly and correctly shown in the accounts;

b) the Cash balance and Vouchers in the custody of the manager or Trustee on the date of the audit are in the agreement with accounts;

c) all books, deeds, accounts voucher and other documents and records required by us were produced beforeUS.

d) an inventory, certified by the trustee of the movables of the Trust has been maintained;

e) the Accontant Shri Aashish Raval & Trustee Falgun P.Sheth appeared before us and furnished the necessary information required by us;

§ No Property or Funds of the Trust were applied for any object or purpose other than the objects or Purposes of Trust;

g) the amounts outstanding for more than one year are Rs. Nil consist of NJ Nc. of Accoui is Nil ai d the amount written-off is Rs.Nil .

h) tender were not invited for repairs or construction as the expenditure involved did not exceed Rs. 5,000;

i) no money of the Public Trust has been invested contrary to the provisions of section 35;

j) no alienations of immoveable property has been made contrary to the provisions section 36

k) We have not noticed any special matter, found necessary to bring to the notice of deputy or assistant charity commissioner.

Place:- Ahmedabad
Dae:-26-07-2023

For Dilip R.Shah & Co.

[Dilip R Shah.Prop.]
Membership No.:--030610

F.R No:-:-102572W

UDIN-22030610AUKMEN8460

## FINANCIAL STATEMENT 2022-23

| Funds &Liabilities | As on 31.03.23 | As on 31.03.22 |
|---|---|---|
| Trust Funds or Corpus | 15,70,581.00 | 15,70,581.00 |
| Other Earmaeked Funds | | |
| (a) Building Fund | 1,12,78,343.40 | 1,12,78,343.40 |
| (b) Non, Recurring | 71,19,600.00 | 69,68,723.00 |
| (c) Un Utilized Fund | 22,07,541.57 | 64,47,782.57 |
| (d) Aaranyak Project Fund | 38,17,460.81 | 22,41,122.81 |
| (e) Balsena Project Fund | 60,60,901.12 | 38,56,253.12 |
| Other Liabilities | 45,68,366.86 | 45,25,143.86 |
| Income & Expenditure Account | 3,35,53,419.22 | 2,95,43,029.76 |
| **Total** | **7,01,76,213.98** | **6,64,30,979.52** |

| ASSETS | As on 31.03.23 | As on 31.03.22 |
|---|---|---|
| Immovable Properties | 99,35,903.00 | 99,35,903.00 |
| Furniture & Fixture | 63,90,912.00 | 62,40,035.00 |
| Unit Trust of India M.F. | ------ | 20,00,000.00 |
| Loan & Advance | 6,300.00 | 6,300.00 |
| Income Receivable | 13,31,585.51 | 14,57,268.51 |
| Cash & Bank Balance | 5,25,11,513.47 | 4,67,91,473.01 |
| **Total** | **7,01,76,213.98** | **6,64,30,979.52** |

શૈશવ

## FINANCIAL STATEMENT 2022-23

| EXPENDITURE | As on 31.03.23 | As on 31.03.22 |
|---|---|---|
| Establishment Expenses | 14,671.64 | 17,276.30 |
| Legal Expenses | ----- | 65,000.00 |
| Contribution to Charity Commi. | ----- | 49,345.00 |
| Expenses on the Object of the Trust | 1,22,69,420.00 | 1,08,20,974.45 |
| Amts. Tr .to reserve or specific Fund | ----- | 39,35,404.92 |
| Surplus carried over to Balance Sheet | 40,10,389.46 | 27,18,252.92 |
| **Total** | **1,62,94,481.10** | **1,76,06,253.59** |

| INCOME | As on 31.03.23 | As on 31.03.22 |
|---|---|---|
| Interst | 21,08,979.00 | 18,61,378.00 |
| Donation | 4,49,863.59 | 9,27,610.79 |
| Grant | 80,29,179.00 | 1,36,62,533.92 |
| Unit Trust of india Dividend | 1,99,486.51 | 1,45,761.36 |
| Training &Workshop fees | 5,66,727.00 | 3,79,705.00 |
| Other Misc. Income | 7,00,005.00 | 6,29,264.52 |
| Transfer From Reserved Fund | 42,40,241.00 | ------------- |
| **Total** | **1,62,94,481.10** | **1,76,06,253.59** |

**Place : Ahmedabad**

**Date : 26-07-2023**

**For Shaishav**
**Falgun Sheth**
**Managing Trustee**

**For Dilip R. Shah & Co**
**Dilip R. Shah, Proprietor**
**Chartered Accountant**

## સ્વૈચ્છિક સંસ્થાઓની વિશ્વસનીયતા માટે ધારા-ધોરણોનો અમલ

| વિગત | અમલ |
|---|---|
| **(A) નોંધણી:** | |
| • સંસ્થાનું નામ | શૈશવ |
| • રજી. સરનામું | આઈ.૧૦૦૩, ઇન્દ્રપ્રસ્થ, ડ્રાઈવઇન થિયેટર પાસે, થલતેજ રોડ, અમદાવાદ. |
| • કાર્ય સ્થળનું સરનામું | બ્લોક નં.૩, બીજો માળ, સરદાર પટેલ શોપીંગ સેન્ટર, સરદારનગર સર્કલ, ભાવનગર. ફોન: ૦૨૭૮-૨૫૬૮૫૬૧ |
| • જાહેરસંસ્થાનોંધણીનં. | F/3642/Ahmedabad |
| • સોસાયટીરજી. નં. | Guj/3592/Ahmedabad |
| • ઇન્કમટેક્ષએકટમુજબ૧૨(એ) રજીસ્ટ્રેશન | AABTS0865NE20214 |
| • ઇન્કમટેક્ષએકટમુજબ ૮૦(જી) સર્ટી. નં. | AABT50865NF20214 |
| 1. ઇન્કમટેક્ષએકટમુજબ પાન એકાઉન્ટ નં. | AABTS0865 N |
| • વિદેશીસહાય નોંધણી નં. | 041980028 |
| • મુખ્ય બેંકનું નામ સરનામું | દેના બેંક -મોખડાજી સર્કલ બ્રાંચ<br>IDBI બેંક, વાઘાવાડી રોડ, ભાવનગર.<br>યુનિયન બેંક ઓફ ઇન્ડિયા,<br>આશ્રમ રોડ, અમદાવાદ. |
| • પરદેશના દાન માટે | સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા<br>ન્યુ દિલ્હી બ્રાંચ |

શૈશવ

### (B) સંસ્થાના ધ્યેય/અભિગમની સ્પષ્ટતા અને પ્રતિબધ્ધતા

- સંસ્થાના બંધારણ અને વિવિધ અહેવાલમાં
- કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં રૂપાંતર
- કાર્યકરો, સ્થાનિક લોકો તથા બાળકોમાં

- સ્પષ્ટ અને દ્રઢ રજૂઆત રજૂઆત
- સારી રીતે
- સભાન પ્રયત્નો સ્પષ્ટતા અને સ્વીકૃતિ

### (C) વહીવટ અને સંચાલન સંચાલકમંડળના સભ્યો/ટ્રસ્ટીઓ

- ટ્રસ્ટી મંડળની યાદી અલગથી આપી છે.
- ટ્રસ્ટી મંડળમાં ૫૦% થી વધુ મહિલા સભ્યો
- ટ્રસ્ટી મંડળમાં સંસ્થાના સીનીયર કાર્યકર કાયમી આમંત્રિત
- ટ્રસ્ટી મંડળમાં સ્થાનિક પ્રતિનિધિઓ કાયમી આમંત્રિત
- ટ્રસ્ટી મંડળમાં બાલસેના તરૂણસેનાના પ્રતિનિધિઓ કાયમી આમંત્રિત
- ટ્રસ્ટી મંડળમાં બે ટ્રસ્ટી સગાં છે.
- બોર્ડના કોઈપણ ટ્રસ્ટીને ટ્રસ્ટી તરીકે કોઈપણ પ્રકારના ભથ્થા ચૂકવવામાં આવતાં નથી.
- વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ટ્રસ્ટીમંડળની ૫ મિટિંગ યોજાઈ હતી.

### (D) દરેક પ્રવૃતિઓ માટેના લક્ષ્યાંકો, સમીક્ષા અને સમયાંતરે મોનીટરીંગ

- દર વર્ષે સમગ્ર સ્ટાફ દ્વારા ત્રિમાસિક, છ માસિક, વાર્ષિક આયોજન તથા રીવ્યુ કાર્યની વહેંચણી, જવાબદારી
તેમજ સુવ્યવસ્થિત રીતે અમલ, ગુણવત્તાપર વધુ ભાર, નિયમિત રીપોર્ટીંગ.
- બહારના નિષ્ણાંતો દ્વારા કાર્યક્રમોની નિયમિત સમીક્ષા

### (E) કાર્યકારી સલાહકાર જૂથ સંસ્થામાં વિવિધ નીતી-માર્ગદર્શન

- રચના થઇ છે/ અનિયતકાલીન મિટિંગ થાય છે.
- સંસ્થાનાવિઝન/ મિશન સ્ટેટમેન્ટ નિયમિત ચકાસવામાં આવે છે.
- સંસ્થાના કાર્યકરો માટેની નીતિનિયમોની માર્ગદર્શિકા છે.
- બાળ સુરક્ષા નીતિ /જેન્ડર નીતિ /સ્વયંસેવક નીતિ છે.
- કાર્યકર માર્ગ દર્શિકા, એકાઉન્ટ, ખરીદી, સ્ટોર, ડેડ સ્ટોક વિ. અંગેની નીતિઓ અને અમલ
- મહિલા સુરક્ષા સમિતિ, શિસ્ત સમિતિ, બાળસુરક્ષા સમિતિની રચના થઇ છે અને તેના સભ્યો સમયાંતરે બદલાતા હોય છે.

### (F) માનવ સંસાધન

- **વેતન ધોરણો**
- **હાલના કાર્યકરો**

- અર્થપૂર્ણ, તાર્કિક અને અમલમાં
- પગાર ધોરણ પ્રમાણે કાર્યકરોની વહેંચણી (માર્ચ ૨૦૨૩ પ્રમાણે)

| પગાર ધોરણ | ફૂલ ટાઈમ | પાર્ટ ટાઈમ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧૫,૦૦૦ થી નીચે | ૨૬ | ૬ | ૯ | ૨૩ | ૩૨ |
| ૧૫,૦૦૦ થી ૨૫,૦૦૦ | ૩ | - | ૧ | ૨ | ૩ |
| ૨૫,૦૦૦ થી વધુ | ૭ | - | ૪ | ૩ | ૭ |
| કુલ | ૩૬ | ૬ | ૧૪ | ૨૮ | ૪૨ |

- હાલના કાર્યકરોએ સંસ્થામાં ગાળેલ વર્ષ

| સંસ્થામાં વર્ષો | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ૩ થી ઓછા વર્ષ | ૯ | ૧૩ | ૨૨ |
| ૩ થી ૫ વર્ષ | ૨ | ૧૧ | ૧૩ |
| ૫ થી ૧૦ વર્ષ | ૦ | ૨ | ૨ |
| ૧૦ થી વધુ વર્ષ | ૩ | ૨ | ૫ |
| કુલ | ૧૪ | ૨૮ | ૪૨ |

શૈશવ

| | |
|---|---|
| નિમણૂંક પત્રો | તમામને આપવામાં આવે છે. |
| પીએફ/ગ્રેજ્યુઇટી, રજાઓ જેવા લાભ | નિયમ મુજબ તમામ કાર્યકરોને આપવામાં આવે છે. |
| પર્સનલ એક્સિડન્ટ પોલિસી | તમામ કાર્યકરોની લેવામાં આવે છે. |
| સ્ટાફ વેલ્ફેર પ્રવૃત્તિ | સ્ટાફ વેલ્ફેરની વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. |
| મિટિંગો | દર અઠવાડિયે કો-ઓર્ડીનેશન મિટિંગ<br>દરેક વિભાગોની અઠવાડિક મિટિંગો<br>લગભગ દર મહીને તમામ સ્ટાફની મિટિંગ |
| કાર્યકરોની ક્ષમતાવર્ધન વ્યવસાયિક વિકાસ | ક્ષેત્રીય, રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ તાલીમ,કાર્યશિબિર અને કોન્ફરન્સમાં સહભાગી થવા દરેક સ્તરે પ્રોત્સાહન<br>ક્ષમતાવર્ધન માટે વાર્ષિક આયોજન મુજબ કાર્યકરોની વિવિધ તાલીમો<br>રસ-રૂચિ અને અનુભવને આધારે કાર્ય બદલાય અને નવા કાર્યમાં જવાબદારી / વિકાસની તકો આપવામાં આવે છે |

## (G) જવાબદેહિતા અને પારદર્શિતા

| | |
|---|---|
| પ્રકાશનો | સંસ્થાની માહિતી માટે સાહિત્ય પ્રકાશિત થાય છે. |
| વાર્ષિક હિસાબો / અહેવાલ | દર વર્ષે પ્રકાશિત થાય છે. |
| વેબસાઇટ | સંસ્થાની વેબસાઈટ નિયમિત રીતે મહદઅંશે અદ્યતન કરવામાં આવે છે તેમજ પ્રવૃતિના સમાચાર આપવામાં આવે છે. |

### <u>નાણાંકીય પાસાઓ</u>

| | |
|---|---|
| બોર્ડ મિટિંગ વાર્ષિક બજેટ | વાર્ષિક બજેટ અને નાણાંકીય સમીક્ષા અને દરેક મિટિંગમાં ચર્ચવામાં આવે છે. |
| હિસાબી પધ્ધતિ | સ્ટાન્ડર્ડ નિયમો અનુસાર અમલમાં |
| નાણાંકીય લેવડ-દેવડ | દરેક નાણાંકીય લેવડ દેવડ અંગે બીલ/ રસીદ વિ. સાથે ચોકસાઈપૂર્વક અમલમાં |
| હિસાબી મોનીટરીંગ | દરેક મહીને મોનીટરીંગ કરવામાં આવે છે. |
| ચાર્ટડ એકાઉન્ટન્ટ દ્વારા ઓડીટ | દર ત્રણ મહીને ઓડીટ થાય છે તેમજ વાર્ષિક ઓડીટ અને હિસાબો પ્રકાશિત કરવામાં આવે છે.<br>ઓડીટર: શ્રી દિલીપભાઈ આર. શાહ એન્ડ કું. એ/ ૨૧ અજન્ટાકોમ. સેન્ટર બીજો માળ, આશ્રમ રોડ, અમદાવાદ. |

શૈશવ

| | |
|---|---|
| • બાહ્ય નિષ્ણાંતો/સંસ્થાઓ દ્વારા મૂલ્યાંકન | • અત્યાર સુધીમાં પાંચ વાર બાહ્યમૂલ્યાંકન કરવામાં આવ્યું છે.<br>• શૈશવ Give India/Guidestar નું સભ્યપદ ધરાવે છે. |
| • વિદેશીનાણાંકીય સહાય, આવકવેરા ચેરીટી કમિશ્નર શ્રી વિ. કાયદાઓની જરૂરિયાતો | • આ અંગેના કાયદાઓનું મહદ અંશે ચૂસ્ત પાલન કરવામાં આવે છે.<br>• હિસાબો નિયમિત રીતે સરકારમાં આપવામાં આવે છે. |
| • વિવિધ એવોર્ડનો સ્વીકાર | • સંસ્થાવતી સ્વીકાર |
| • હવાઈ મુસાફરી | • વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય હવાઈ મુસાફરી કરવામાં આવી છે અને તેનો ખર્ચ આયોજક સંસ્થાએ ભોગવ્યો છે. |

શૈશવ

## બાલસેના વિવિધ ફોટો









શૈશવ










# બાલસેના ૨૦મો વાર્ષિકોત્સવ









શૈશવ



બાલ સેના




બાલ સેના
૨૦ વર્ષનો ઉત્સવ... ૨૦૦૩ થી ૨૦૨૩...




બાળપણ... એક અવિરત ખોજ... શૈશવની યાત્રાના 30 વર્ષ...
શૈશવ પ્રેરિત
બાળપણના વિશ્વની ખોજ બાળકો દ્વારા
બાળકોનું પોતાનું સ્વાયત્ત સંગઠન
બાલ સેના




બાળપણ... એક અવિરત ખોજ... શૈશવની યાત્રાના 30 વર્ષ...
શૈશવ પ્રેરિત
બાલ સેના

શૈશવ

## ચાઇલ્ડ લાઇન પ્રવૃતિઓ









શૈશવ










શૈશવ

## આરણ્યક કાર્યક્રમની પ્રવૃતિઓ









શૈશવ









શૈશવ









શૈશવ

## બાલ અધિકાર તાલીમ અને સંસાધન કેન્દ્રની પ્રવૃતિઓ










શૈશવ











"જીવીએ ત્યાં સુધી શીખીએ."

- શ્રી રામકૃષ્ણ પરમહંસ